Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदयद्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૭ મું. વીર સં. ૨૪૫૬. સં. ૧૯૮૬ ચૈત્ર. આત્મ સં. ૩૪. અંક ૯ મો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

| | | |
|---|---|---|
| ૧ | પંચ મહાવ્રત રેખાદર્શન... | ...૨૨૩ |
| ૨ | માનવભવની દુર્લભતાના દશ દ્રષ્ટાન્ત ... | ...૨૨૪ |
| ૩ | શ્રી તીર્થંકર ચરિત્ર ... ... | ...૨૨૬ |
| ૪ | શ્રી પાટણના જૈન જ્ઞાન ભંડારો ... | ...૨૩૦ |
| ૫ | સમાન ભાવ ... ... | ...૨૪૫ |
| ૬ | ગુરૂગમ લેવા તેમજ સેવાની આવશ્યકતા ... | ...૨૪૫ |
| ૭ | પુરૂષાર્થ ... ... ... | ...૨૪૬ |
| ૮ | સમયનો ઉપયોગ ... ... | ...૨૪૬ |

મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્માનંદ પ્રકાશના કદરદાન ગ્રાહકોને નમ્ર સુચના.

આત્માનંદ પ્રકાશ પુસ્તક ( ૨૭–૨૮ મા ) આ વર્ષની ભેટ તરીકે જૈન ઐતિહાસિક જૈન કુલ ભૂષણ નરરત્નનું અપૂર્વ ચરિત્ર અનેક જાણવા જેવી હકીકતો સાથેનું પુસ્તક તૈયાર થાય છે. તેની સવિસ્તર હકીકત હવે પછી આપવામાં આવશે. વી૦ પી૦ નો ખર્ચ નહિ કરનાર બંધુએ હાલમાં ૨૭–૨૮ માં વર્ષની લવાજમના નાણા મોકલી આપવા, નહિંતો ગ્રંથ તૈયાર થયે ધારા પ્રમાણે ( વી૦ પી૦ ) થી ભેટની બુક મોકલવામાં આવશે.

જે ગ્રાહકોએ ભેટની બુકનું વી૦ પી૦ ન સ્વીકારવું હોય તેમણે અમોને હાલમાં તાત્કાલીક લખી જણાવવું જેથી સભાને નકામો ખર્ચ ન થાય અને નકામી તકલીફ ન પડે.

## અમારો સત્કાર.

ગયા માસમાં અમારા માનવંતા લાઇફમેમ્બરોને ત્રણ મોટા ઉત્તમ ચરિત્ર–કથાના ગ્રંથો ભેટના મોકલાઈ ગયેલ છે. આ વખતે કેટલાક લાઇફ મેમ્બર બંધુઓએ આવા ઉત્તમ ગ્રંથો દર વર્ષે આ સભા તરફથી ભેટ મળવા માટે ( અને આ વખતે માટે ખાસ ) સહર્ષ પોતાનો આનંદ જાહેર કરી ભવિષ્યમાં સભાની વિશેષ ઉન્નતિ ઇચ્છી સભાની કાર્યવાહી માટે તેમજ આવું અમૂલ્ય જૈનસાહિત્ય પ્રકાશન માટે પત્રદ્વારા સભાની પ્રશંસા કરી છે.

( સેક્રેટરીઓ

( पूज्य श्री संघदासगणि–वाचकनिर्मितं. )

# ॥ श्री वसुदेवहिण्डि प्रथमखण्डम् ॥

સંપાદકો તથા સંશોધકો–આચાર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વરજી શિષ્યરત્ન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય પ્રશિષ્યો મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથના પ્રથમ ખંડનો પ્રથમ અંશ મૂળ ( પ્રાકૃત ) ભાષામાં આજે પ્રગટ થાય છે. આ પ્રથમ અંશમાં સાત લંભકો આવેલા છે. આ ખંડના કર્તા મહાત્માનો પરિચય અને તે કેટલો ઉચ્ચ કોટીનો છે તે બીજા ભાગમાં આપવામાં આવશે. આ ગ્રંથ જૈનોના પ્રાચીનમાં પ્રાચીન કથા સાહિત્યમાંનું એક અણમોલું રત્ન છે. અનેક પૂજ્યોમાં, ગ્રંથો વિગેરેમાં ઘણે સ્થળે આ ગ્રંથની સાક્ષીઓ અપાય છે; કે જે પ્રકટ થવાની જૈનેતર સાક્ષરો, જૈનધર્મના યુરોપીયન અભ્યાસીઓ અને વિદ્વાન મુનિ મહારાજાઓ તરફથી રાહ જોવાતી હતી. આ ગ્રંથના ઉત્તરોત્તર ભાગો છપાયે જાય એવા ઉદ્દેશથી આ ગ્રંથની કિંમત રૂા. ૩–૮–૦ સાડા ત્રણ રૂપૈયા રાખેલ છે. ઉંચા ક્રોક્ષણી લાવન ગ્લુલેજર પેપર ( કાગળ ) ઉપર, નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રી વિવિધ ટાઇપો [ અક્ષરો ] માં છપાવેલ છે. ઇતિહાસિક પ્રાચીન કથા સાહિત્યના આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી પ્રકટ કરવા આ સભાની ઇચ્છા છે, મનુષ્યજન્મનું સાર્થક કરવાની ઇચ્છાવાળા બંધુએ લાભ લેવા જેવું છે. તેમની ઇચ્છા પ્રમાણે સીરીઝ તરીકે, અડધી કિંમતે, કે ભેટ તરીકે સભા તે તે રીતે સાહિત્ય પ્રકટન અને પ્રચાર કરવાનો પ્રબંધ કરી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यथा वा धौतपटो जलार्द्र एव संहतश्चिरेण शोषमुपयाति, स एव च वितानितः सूर्यरश्मिवायुभिर्हतः क्षिप्रं शोषमुपयाति, न च संहते तस्मिन्नभूत स्नेहागमोनापि वितानिते सति अकृत्स्न शोषः, तद्वद्यथोक्त निमित्तापवर्तनैः कर्मणः क्षिप्रं फलोपभोगो भवति, न च कृतप्रणाशाकृताभ्यागमाफल्यानीति ॥

तत्त्वार्थ सूत्र–भाष्य–द्वितीय अध्याय ।

पुस्तक २७ } वीर सं. २४५६ चैत्र. आत्म सं ३४. { अंक ९ मो.

## पंच महाव्रत रेखादर्शन.

દોહરો.

વિશ્વપ્રેમી વ્રતરાજ આ, આર્યધર્મી આરાધ્ય;
રેખાવ્રત વર્ણન અહીં, સાધક સાધન સાધ્ય. ૧

( નાથ કૈસે ગજકો બંધ છુડાયો —એ ચાલ. )

"મહાવ્રત પંચ" સમજવા ભ્રાતુ ! પૂર્વ મહર્ષિ કથિત કર વાતુ. મહા.
પ્રશ્ન પ્રભુત્વ પ્રકાશક જાની, જ્ઞાની જન સમજાવે;
નૈસર્ગિક નિશ્ચલતા સાથે, દર્શન દૈવી કરાવે. મહા. ૧

અહિંસા–સત્ય–અસ્તેય વળી બ્રહ્મચર્ય ને નિષ્પરિગ્રહનું;
સ્ફોટન કારણ ક્રમથી કરીએ, ઉદ્‌ઘાટન અન્તરનું. મહા. ૨

થાય પ્રતિષ્ઠિત પૂર્ણ પણે જ્યાં, " અહિંસા " અદ્વૈત સમાની;
જન્મ વિરોધી વૈર ત્યજી ત્યાં, વર્તે મિત્ર પ્રમાની. મહા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"સત્યવ્રત" સર્વાંગે પ્રતિષ્ઠિત, હોય જિહાં મમ બન્ધુ;
વચન **સિદ્ધ** વ્યવહાર અનુપમ, શરણુ તરણુ ભવસિન્ધુ. મહા. ૪
તૃતીયવ્રત "અસ્તેય" કહાવે, એહ પ્રતિષ્ઠિત થાતા;
પ્રકટ થાય **શ્રી** પૂર્ણ છતાં પણુ, રંચ ન તે પર રાતા. મહા. ૫
"બ્રહ્મચર્ય" વ્રત થાય પ્રતિષ્ઠિત, જે જનને આ જગમાં;
**વીર્યલાભે** સંસ્કારી બને એ, સદ્દ ચિદાનંદ રમણુમાં. મહા. ૬
"અપરિગ્રહ" ગ્રહ દૂર કરાવે, થાય પ્રતિષ્ઠિત જ્યારે;
પૂર્વ જન્મનું જ્ઞાન સમુત્પન્ન, કર્મધ્વંસ કૃતિ ધારે. મહા. ૭
આર્ય મહર્ષિ પ્રણિત પ્રણાલી, તાત્વિક દોહનદ્વારા;
બતલાવી બંધન દૂર કરવા, સાત્વિક અમિરસ ધારા, મહા. ૮
રેખા "પંચ મહાવ્રત" ની આ, હ્રુદય રસાન્વિત કરશે;
આત્મિક અનુભવ મળતાં સહેજે, **પરમાતમ** પદ વરશે. મહા. ૯

વેલચંદ ધનજી.

# માનવભવની દુર્લભતાના દશ દ્રષ્ટાન્ત.

( ઝેર ગયા ને વેર ગયા. એ રાગ. )

ભરત ક્ષેત્રમાં ઘર ઘર ભોજન બ્રાહ્મણુને આપે ચક્રીશ;
ચોસઠ સહસ અન્તેઉરી[1] જસ નરપતિ સેવે સહસ બત્રીશ,
દૈવ યોગથી એક ઘરે તે બીજી વખતે જમવા જાય;
"પણુ વિણુ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય" (૧)
ભરત ક્ષેત્રનાં સર્વ ધાન્યની દેવે કીધી ઢગલી એક,
તેમાં પાલી સરસવ નાંખી લાવ્યો ડોશી વૃદ્ધજ છેક;
તે વૃદ્ધાથી કદાચ સરસવ સર્વ ધાન્યથી ભિન્ન કરાય,
પણુ વિણુ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય. (૨)
દેવી દ્યૂત કલાથી જીતી શ્રીમન્તોને વારંવાર,
જે ચાણુકયે ચન્દ્રગુપ્ત નૃપનો ભરપૂર ભર્યો ભંડાર;
માની લે કે તે મન્ત્રી તે વણિક જનોથી પણુ જીતાય;
પણુ વિણુ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય. (૩)

૧ રાણીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકહજાર ને આઠ સ્તમ્ભની શાલા સ્તમ્ભે સ્તમ્ભે હાંસ[૧],
અષ્ટોત્તર શત હાર્યા વિણ તે સર્વ જીતવા નૃપની પાસ;
એ ઘટનાથી જીતી જનકને રાજપુત્ર પણ રાજા થાય,
પણ વિણ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય. (૪)
દૂર દેશ વાસી વણીકોને શ્રેષ્ઠી સુતોએ આપ્યાં રત્ન,
પિતૃવચનથી પશ્ચાતાપે તેજ રત્ન મેળવવા યત્ન;
કરતાં કોઇ દીન સર્વ રત્નથી, જનક હૃદય પણ સંતોષાય.
પણ વિણ સુકૃત ગત નરભવ તે પાછો ચેતનં નહીંજ પમાય, (૫)
પૂર્ણ શશીને સ્વપ્ને દેખી રાજપુત્રને રંક વિશેષ,
વિવેક વિકલ લહે રંક ક્ષીરને નૃપ સુત પામ્યો રાજ્ય વિશેષ;
એજ મઠે સુતા સ્વપ્નામાં જેહ પૂર્ણેન્દુય જણાય,
પણ વિણ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય. (૬)
રાધાના મુખ નીચે ચક્રો સવળા અવળા ફરતા ચાર,
[૨]તૈલ કટાહીમાં પ્રતિબિમ્બ નિરખતો ઉભો રાજકુમાર;
તે રાધાનું વામ નેત્ર તે ચપળ વીરથી પણ વીંધાય,
પણ વિણ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય. (૭)
[૩]કચ્છપ દેખી પૂર્ણ ચન્દ્રને હૃદમાં દૂર થયે સેવાલ,
આનન્દે એ જોણું જોવા લઇને આવ્યો બાળ ગોપાળ;
મળી ગયે સેવાલ સુધાકર કચ્છપથીય કદી નિરખાય,
પણ વિણ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય. (૮)
પૂર્વ પયોધિમાંહે સમોલને ધોંસરી પશ્ચિમ જલધિમાંય,
દુર્ધર કલ્લોલે ખેંચાતા કોઇક સમયે ભેગા થાય;
વળી સમોલ સ્વયં એ [૪]યુગનાં વિવર વિષે પણ પેસી જાય,
પણ વિણ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીજ પમાય. (૯)
કોઇ કુતુહલી દેવ મણિમય સ્તમ્ભનું ચૂર્ણ કરીને જાય,
મેરૂ શિરે એ ચૂર્ણ નળીમાં નાંખી સર્વ દિશા વિખરાય;
એ અણુઓને વીણી વીણી દેવે પાછો સ્તમ્ભ કરાય,
પણ વિણ સુકૃત ગત નરભવ તે પાછો ચેતન નહીંજ પમાય. (૧૦)

સંગ્રાહક:–**કસ્તુરચંદ હેમચંદ દેશાઇ.**

---

૧ ખૂણાઓ. ૨ તેલની કડાઇ. ૩ કાચબો. ૪ ધોંસરીના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૧૪૨ થી શરૂ. )

ત્યારપછી ક્ષત્રિયકુંડગ્રામ નગરની વચ્ચોવચ નીકળતા તે ક્ષત્રિયકુમારનો શૃંગાટક, ત્રિક ચતુષ્ક યાવત્....માર્ગોમાં ઘણા ધનના અર્થિઓએ, કામના અર્થિઓએ,–ઈત્યાદિ **ઔપપાતિક** સૂત્રમાં કહ્યા પ્રમાણે યાવત અભિનંદન આપતા, સ્તુતિ કરતા, આ પ્રમાણે કહ્યું કે–હે નંદ–આનન્દદાયક, તારો ધર્મવડે જય થાઓ. હે નન્દ તારો તપવડે જય થાઓ. હે નન્દ તારૂં ભદ્ર થાઓ, અભગ્ન,–અખંડિત અને ઉત્તમ જ્ઞાન, દર્શન, અને ચારિત્રવડે અજીત એવી ઇંદ્રિયોને તું જીત. અને જીતીને શ્રમણ ધર્મનું પાલન કર. હે દેવ, વિઘ્નોને જીતી તું સિદ્ધિ ગતિમાં નિવાસ કર, ધૈર્યરૂપ કચ્છને મજબૂત બાંધીને તપવડે રાગદ્વેષરૂપ મલ્લોનો ઘાત કર. ઉત્તમ શુકલધ્યાનવડે અષ્ટકર્મરૂપ શત્રુનું મર્દન કર. વળી હે ધીર, તું અપ્રમત્ત થઇ ત્રણલોકરૂપ રંગમંડપ મધ્યે આરાધના પતાકાને ગ્રહણ કરી નિર્મળ અને અનુત્તર એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કર. અને જીનવરે ઉપદેશેલ સરલ સિદ્ધિમાર્ગવડે પરમ પદરૂપ મોક્ષમાર્ગને પ્રાપ્ત કર. પરિસહરૂપ સેનાને હણીને ઇંદ્રિયોને પ્રતિકૂલ ઉપસર્ગોનો પરાજય કર. તને ધર્મમાં અવિઘ્ન થાઓ. એ પ્રમાણે તેઓ અભિનન્દન આપે છે અને સ્તુતિ કરે છે.

ત્યારબાદ તે જમાલી ક્ષત્રિયકુમારે હજારો નેત્રોની માલાઓથી વારંવાર જોવાતો ઇત્યાદિ–**ઔપપાતિક** સૂત્રમાં કૂણિકનાં પ્રસંગે કહ્યું છે તેમ અહીં જાણવું. યાવત તે જમાલી નીકળે છે. નીકળીને જ્યાં બ્રાહ્મણ કુંડગ્રામ નામે નગર છે, જ્યાં બહુશાલ નામે ચૈત્ય છે ત્યાં આવે છે. ત્યાં આવીને તીર્થંકરના **છત્રાદિક અતિશયોને** જુએ છે. જોઇને હજાર પુરૂષોથી વહન કરાતી તે શિબિકાને ઉભી રાખે છે. ઉભી રાખીને તે શિબિકા થકી નીચે ઉતરે છે. ત્યારપછી તે જમાલી ક્ષત્રિયકુમારને આગળ કરી તેના માતા–પિતા જ્યાં શ્રમણ ભગવાન મહાવીર છે ત્યાં આવે છે. ત્યાં આવીને શ્રમણ ભગવાન્ મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત્ નમી તેઓ આ પ્રમાણે બોલ્યા કે–હે ભગવન, એ પ્રમાણે ખરેખર આ જમાલી ક્ષત્રિયકુમાર અમારે એક ઇષ્ટ અને પ્રિય પુત્ર છે. જેનું નામ શ્રવણ પણ દુર્લભ છે. તો દર્શન દુર્લભ હોય તેમાં શું કહેવું ? જેમ કોઇ એક કમળ, પદ્મ, યાવત સહસ્રપત્ર કાદવમાં ઉત્પન્ન થાય, અને પાણીમાં વધે, તોપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પંકની રજથી કે જલનાં કણથી લેપાતું નથી. એ પ્રમાણે આ જમાલી ક્ષત્રિય-કુમાર પણ કામ થકી ઉત્પન્ન થયો છે, અને ભોગોથી વૃદ્ધિ પામ્યો છે. તોપણ તે કામ જ્વરથી અને ભોગરજથી લેપાતો નથી.

તેમજ મિત્ર, જ્ઞાતિ, પોતાના સ્વજન, સંબંધી અને પરિજનથી પણ લેપાતો નથી. હે દેવાનુપ્રિય, આ જમાલી ક્ષત્રિયકુમાર સંસારનાં ભયથી ઉદ્વિગ્ન થયો છે, જન્મ મરણથી ભયભીત થયો છે. અને દેવાનુપ્રિય એવા આપની પાસે મુંડ-દીક્ષિત થઇને આગારવાસથી અનગારિકપણાને સ્વીકારવાને ઇચ્છે છે, તો દેવાનુપ્રિયને **અમે આ શિષ્યરૂપી ભિક્ષા** આપીએ છીએ. તો હે દેવાનુપ્રિય, આપ આ શિષ્યરૂપ ભિક્ષાનો સ્વીકાર કરો.

ત્યારે શ્રમણ ભગવાન મહાવીરે તે જમાલી ક્ષત્રિયકુમારને આ પ્રમાણે કહ્યું કે—" હે દેવાનુપ્રિય, જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબન્ધન કરો. " જ્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે જમાલી ક્ષત્રિયકુમારને એ પ્રમાણે કહ્યું ત્યારે તે હર્ષિત થઈ, તુષ્ટ થઇ, યાવત શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવદ્ નમસ્કાર કરી ઉત્તર પૂર્વ દિશા તરફ જાય છે, જઇને પોતાની મેળે આભરણ, માળા, અને અલંકાર ઉતારે છે. પછી તે જમાલી ક્ષત્રિયકુમારની માતા હંસના ચિન્હવાળા પટશાટકથી આભરણ, માળા, અને અલંકારોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને હાર અને પાણીના ધારા જેવા આંસુ પાડતી પાડતી તેણે પોતાના પુત્ર જમાલીને આ પ્રમાણે કહ્યું કે—હે પુત્ર ! સંયમને વિષે પ્રયત્ન કરજે. હે પુત્ર, યત્ન કરજે, હે પુત્ર, પરાક્રમ કરજે, સંયમ પાળવામાં પ્રમાદ ન કરીશ. એ પ્રમાણે કહીને તે જમાલી ક્ષત્રિયકુમારના માતા-પિતા શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે. વાંદી અને નમીને જે દિશાથી તેઓ આવ્યા હતા તે દિશાએ પાછા ગયા.

ત્યારપછી તે **જમાલી** ક્ષત્રિયકુમાર પોતાની મેળે **પંચમુષ્ટિક** લોચ કરે છે. કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર છે ત્યાં આવે છે. આવીને ઋષભદત્ત બ્રાહ્મણની પેઠે તેણે **પ્રવ્રજ્યા** લીધી. પરન્તુ જમાલી ક્ષત્રિયકુમારે **પાંચસો પુરૂષો** સાથે પ્રવ્રજ્યા લીધી. ઇત્યાદિ સર્વ જાણવું. યાવત તે જમાલી અનગાર સામયિકાદિ અગીઆર **અંગોને** ભણે છે. ભણીને ઘણા ચતુર્થ ભક્ત, છઠ્ઠ, અઠ્ઠમ અને યાવત્ માસાર્ધ, તથા માસક્ષમણરૂપ વિચિત્ર તપકર્મવડે આત્માને ભાવિત કરતા વિહરે છે.

ત્યારબાદ અન્ય કોઇ દિવસે તે જમાલી અનગાર જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર છે ત્યાં આવે છે. આવીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે. વાંદી અને નમીને તેણે આ પ્રમાણે કહ્યું કે—હે ભગવન્, તમારી અનુમતિથી હું પાંચસો અનગારની સાથે બહારના દેશોમાં વિહાર કરવાને ઇચ્છું છું. ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રમણ ભગવાન મહાવીરે જમાલી અનગારની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો. પરન્તુ મૌન રહ્યા. ત્યારપછી તે જમાલી અનગારે શ્રમણ ભગવંત મહાવીરને બીજીવાર, ત્રીજીવાર પણ એ પ્રમાણે કહ્યું કે—હે ભગવન્, તમારી અનુમતિથી પાંચસો સાધુ સાથે યાવત્ વિહાર કરવાને ઇચ્છું છું. પછી શ્રમણ ભગવાન મહાવીરે જમાલી અનગારની આ વાતનો બીજીવાર, ત્રીજીવાર, પણ આદર ન કર્યો. યાવત્ મૌન રહ્યા. ત્યારબાદ જમાલી અનગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે. વાંદીને, નમીને શ્રમણ ભગવંત મહાવીર પાસેથી અને બહુશાલ નામે ચૈત્યથી નીકળે છે, નીકળીને પાંચસો સાધુઓની સાથે બહારના દેશોમાં વિહાર કરે છે.

તે કાળે અને તે સમયે **શ્રાવસ્તી** નામે નગરી હતી. વર્ણન....ત્યાં **કોષ્ઠક** નામે ચૈત્ય હતું વર્ણન....યાવત્ વનખંડ સુધી જાણવું.

તે કાળે અને તે સમયે **ચંપા** નામે નગરી હતી. વર્ણન—**પૂર્ણભદ્ર** ચૈત્ય હતું. વર્ણન....યાવત્ પૃથિવી શીલાપટ્ટ હતો. હવે અન્ય કોઇ દિવસે તે જમાલી અનગાર પાંચસો સાધુઓના પરિવારની સાથે અનુક્રમે વિહાર કરતા, એક ગામથી બીજે ગામ જતા, જ્યાં શ્રાવસ્તી નામે નગરી છે અને જ્યાં કોષ્ઠક ચૈત્ય છે ત્યાં આવે છે. ત્યાં આવીને યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરીને સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા વિહરે છે. ત્યારબાદ અન્ય કોઇ દિવસે શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમે વિચરતા યાવત્....સુખપૂર્વક વિહાર કરતા જ્યાં **ચંપા** નગરી છે અને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે ત્યાં આવે છે, આવીને યથાયોગ્ય અવગ્રહને ગ્રહણ કરી સંયમ અને તપવડે આત્માને ભાવિત કરતા વિચરે છે.

હવે અન્ય કોઇ દિવસે તે જમાલી અનગારને રસરહિત, વિરસ, અન્ત, પ્રાન્ત, રૂક્ષ, ( લુખા ) તુચ્છ, કાલાતિક્રાન્ત, ( ભૂખ તરસનો કાળ વીતી ગયા પછી ) પ્રમાણાતિક્રાન્ત ( પ્રમાણથી વધારે ) શીત–પાન ભોજનથી શરીરમાં મોટો **વ્યાધિ** ઉત્પન્ન થયો. તે વ્યાધિ અત્યન્ત દાહ કરનાર, વિપુલ, સખ્ત, કર્કશ, કટુક, ચંડ ( ભયંકર ) દુઃખરૂપ, કષ્ટસાધ્ય, તીવ્ર અને અસહ્ય હતો, તેનું શરીર પિત્તજ્વરથી વ્યાપ્ત હોવાથી તે દાહયુક્ત હતો. હવે તે જમાલી અનગાર વેદનાથી પીડિત થયેલો પોતાનાં શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવે છે. બોલાવીને તેણે એ પ્રમાણે કહ્યું કે—હે દેવાનુપ્રિયો, તમે મને સુવા માટે સંસ્તારક ( શય્યા ) પાથરો. ત્યારબાદ તે શ્રમણ નિર્ગ્રન્થો જમાલી અનગારની આ વાતનો વિનયપૂર્વક સ્વીકાર કરે છે. સ્વીકારીને જમાલી અનગારને સુવા માટે સંસ્તારક પાથરે છે. જ્યારે તે જમાલી અનગાર અત્યન્ત વેદનાથી વ્યાકુલ થયો ત્યારે ફરીથી શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવ્યા અને બોલાવીને ફરીથી તેણે આ પ્રમાણે કહ્યું કે–હે દેવાનુપ્રિયો, મારે માટે સંસ્તા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક કર્યો છે કે કરાય છે! ત્યારપછી તે શ્રમણ નિર્ગ્રન્થોએ જમાલી અનગારને એમ કહ્યું કે—દેવાનુપ્રિયને માટે શય્યા સંસ્તારક કર્યો નથી પણ કરાય છે. ત્યાર પછી તે જમાલી અનગારને આવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે—"શ્રમણ ભગવંત મહાવીર જે એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે ચાલતું હોય તે ચાલ્યું કહેવાય, ઉદીરાતું હોય તે ઉદીરાયું કહેવાય, યાવત્ નિર્જરાતું હોય તે નિર્જરાયું કહેવાય, તે મિથ્યા છે." કારણ કે આ પ્રત્યક્ષ દેખાય છે કે શય્યા સંસ્તારક કરાતો હોય ત્યાં સુધી તે કરાયો નથી, પથરાતો હોય ત્યાં સુધી પથરાયો નથી, જે કારણથી આ શય્યા સંસ્તારક કરાતો હોય ત્યાં સુધી તે કરાયો નથી, પથરાતો હોય ત્યાં સુધી પથરાયેલ નથી, તે કારણથી ચાલતું હોય ત્યાં સુધી તે ચલિત નથી, પણ અચલિત છે. યાવત્ નિર્જરાતું હોય ત્યાં સુધી તે નિર્જરાયું નથી પણ અનિર્જરિત છે. એ પ્રમાણે વિચાર કરે છે. વિચાર કરીને તે જમાલી અનગાર શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવે છે. બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું કે—હે દેવાનુપ્રિયો! શ્રમણ ભગવંત મહાવીર જે આ પ્રમાણે કહે છે કે યાવત્ પ્રરૂપે છે–કે ખરેખર એ પ્રમાણે "ચાલતું તે ચલિત" કહેવાય ઇત્યાદિ પૂર્વવત્....સર્વ કહેવું. યાવત્....નિર્જરાતું હોય તે નિર્જરિત નથી પણ અનિર્જરિત છે.'

જ્યારે જમાલી અનગાર એ પ્રમાણે કહેતા હતા યાવત્ પ્રરૂપણા કરતા હતા ત્યારે કેટલાએક શ્રમણ નિર્ગ્રન્થો, એ વાતને શ્રદ્ધાપૂર્વક માનતા હતા, તેની પ્રતીતિ કરતા હતા, રૂચિ કરતા હતા, અને કેટલાએક શ્રમણ નિર્ગ્રન્થો એ માનતા નહોતા, તથા તેની પ્રતીતિ અને રૂચિ કરતા નહોતા, જેમાં જે શ્રમણ નિર્ગ્રન્થો તે જમાલી અનગારના આ મન્તવ્યની શ્રદ્ધા કરતા હતા, પ્રતીતિ કરતા હતા અને રૂચિ કરતા હતા તેઓ તે જમાલી અનગારને આશ્રયી વિહાર કરે છે.

અને જે શ્રમણ નિર્ગ્રન્થો જમાલી અનગારના એ મન્તવ્યમાં શ્રદ્ધા કરતા નહોતા, પ્રતીતિ કરતા નહોતા, અને રૂચિ કરતા નહોતા, તેઓ જમાલી અનગારની પાસેથી કોષ્ઠક ચૈત્ય થકી બહાર નીકળે છે અને બહાર નીકળીને અનુક્રમે વિચરતા એક ગામથી બીજે ગામ વિહાર કરતાં જ્યાં ચંપાનગરી છે, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે, અને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણવાર પ્રદક્ષિણા કરે છે. કરીને વાંદે છે, નમે છે, અને વાંદી અને નમીને શ્રમણ ભગવંત મહાવીરની નિશ્રાએ વિહાર કરે છે.

ત્યાર પછી કોઇ એક દિવસે તે જમાલી અનગાર પૂર્વોક્ત રોગના દુઃખથી વિમુક્ત થયો. હૃષ્ટ, રોગરહિત અને બલવાન્ શરીરવાળો થયો. અને શ્રાવસ્તી નગરીથી અને કોષ્ઠક ચૈત્યથી બહાર નીકળી અનુક્રમે વિચરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતા જ્યાં ચંપાનગરી છે, જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે અને જ્યાં શ્રમણ ભગવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જ્ઞાનભંડારોની ઉત્પત્તિ, વિકાસ, વગેરે
અને
# પાટણના જૈન જ્ઞાનભંડારો.

નામદાર ગાયકવાડ–વડોદરા પુસ્તકાલય પરિષદનું પાંચમું અધિવેશન ગયા માગશર વદી. ૨–૩–૪ ના રોજ પાટણ શહેરમાં મળ્યું હતું. સાથે પ્રાચીન વસ્તુઓ, ગ્રંથો, વર્તમાન પેપરોનું સંગ્રહ સ્થાન પણ હતું. પાટણ શહેરના સાથે જૈન પ્રભાવ અને સંસ્કૃતિ, પ્રાચીન જૈન જ્ઞાન ભંડાર, અનેક જૈનાચાર્યો, જૈનરાજાઓ, જૈનમંત્રીઓ, વગેરેની પરંપરા વગેરે સ્મૃતિમાંથી પસાર થઇ જાય. આ પુસ્તકાલય પરિષદના અંતે પ્રમુખોએ પોતાના ભાષણોમાં જૈનોના ઉપરોક્ત પ્રભાવ અને પ્રભાવકોનું દિગ્દર્શન કરાવ્યું છે. સાથે તેઓએ જણાવ્યું છે કે " પાટણના બીજા બધાં અવશેષો કરતાં પાટણના જૈન ગ્રંથ ભંડારો આજે પાટણ વાસીઓને માટે એક ગૌરવ અને અભિમાનની વસ્તુ છે. અને એ ભંડારોની કિંમત જૈન ધર્મના અનુયાયીઓ પુરેપુરી રીતે સમજી શકયા હોય તે વિષે તેઓ ( પ્રમુખશ્રી ) તે વિષે શંકાશીલ છે. પ્રમુખ બ્હેન વિદ્યાગૌરી પોતાના ભાષણમાં જણાવે છે કે " ગ્રંથ સંગ્રહમાં પાટણના ભંડારો અગ્રસ્થાન ભોગવે છે. જૈન મુનિઓ સાચા જ્ઞાનપ્રેમથી પ્રેરાઇ આ પુસ્તકો લખતાં અને એક પુસ્તકની અનેક નકલો લખાવતાં. વિદ્યા વૃદ્ધિ માટે

---

મહાવીર છે ત્યાં આવે છે. આવીને શ્રમણ ભગવંત મહાવીરની અત્યન્ત દૂર નહીં તેમ અત્યન્ત પાસે નહીં તેમ ઉભા રહીને શ્રમણ ભગવંત મહાવીરને આ પ્રમાણે કહ્યું—જેમ દેવનુપ્રિયના ઘણા શિષ્યો શ્રમણ નિર્ગ્રન્થો છદ્મસ્થ હોઇને વિહારથી વિહારી રહ્યા છે, હું પણ તેમ છદ્મસ્થ વિહારથી વિહરતો નથી. હું તો ઉત્પન્ન થયેલા જ્ઞાન અને દર્શન ધારણ કરનારો અર્હન્, જીન અને કેવલી થઇને વિહારથી વિહરૂં છું.

ત્યાર પછી ગૌતમ ભગવંતે તે જમાલી અનગારને આ પ્રમાણે કહ્યું કે— હે જમાલી, ખરેખર એ પ્રમાણે કેવલીનું જ્ઞાન કે દર્શન પર્વતથી સ્તંભથી કે સ્તૂપથી આવૃત થતું નથી, તેમ નિવારિત થતું નથી. હે જમાલી, જો તું ઉત્પન્ન થયેલા જ્ઞાન, દર્શનને ધારણ કરનાર અર્હન જીન અને કેવલી થઇને કેવલી વિહારથી વિચરે છે તો આ બે પ્રશ્નોનાં ઉત્તર આપ [ પ્ર૦ ] હે જમાલી, ૧ લોક શાશ્વત છે કે અસાશ્વત છે ? હે જમાલી ૨ જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ? જ્યારે ભગવંત ગૌતમે તે જમાલી અનગારને પૂર્વ પ્રમાણે પૂછયું ત્યારે તે શંકિત અને કાંક્ષિત થયો, યાવત્ કલુષિત પરિણામવાળો થયો. જ્યારે તે જમાલી ભગવંત ગૌતમના પ્રશ્નોનો કાંઇપણ ઉત્તર આપવા સમર્થ ન થયો ત્યારે તેણે મૌન ધારણ કર્યું.

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સાધના કંઇ જેવી તેવી ન ગણાય. આના પ્રતાપે જ દેશનું મોટું વિદ્યાધન આપણા હાથમાં રહી ગયું છે; પરંતુ જૈનેતર પ્રજાવર્ગે આ સંબંધમાં જોઇએ તેવું લક્ષ આપ્યું નથી. ડૉ. ભંડારકર, ડૉ. બુલ્હર, ડૉ. હરિલાલ ધ્રુવ, અને સ્વ. ચિમનલાલ દલાલે ચલાવેલી શોધખોળ પછી જે હકીકત મળી શકી છે તે ઉપરથી પ્રમુખ શ્રી માને છે કે પાટણના તેર ભંડારોમાં જુદી જુદી જાતના બધા મળીને સાડાબાર હજાર હસ્તલિખિત ગ્રંથો હોવા જોઇએ વગેરે વગેરે,

ઉપર પ્રમાણે પાટણના જૈન જ્ઞાન ભંડારોના સંબંધમાં તેઓનું વક્તવ્ય હતું. આ પરિષદ્‌ના પ્રસંગે મગનભાઇ અમીન સાહેબનો "**જૈન જ્ઞાન ભંડારોની ઉત્પત્તિ, વિકાસ અને હાલની સ્થિતિનું દિગ્દર્શન અને પાટણના જૈન જ્ઞાન ભંડારો**" એ સંબંધમાં એક લેખ પ્રગટ કરેલો છે. જેમાં ભંડારોની ઉત્પત્તિ, વિકાસ, પુસ્તકો તે લખવાના સાધનો, લખવામાં વપરાતી ચીજો, પુસ્તકના પાના તરીકે વપરાતી ચીજો વગેરે હકીકતો લેખકશ્રીએ મેળવી પ્રગટ કરેલી છે તે જાણવા જેવી હોવાથી આ નીચે આપીએ છીયે.

(સેક્રેટરી)

# જૈન જ્ઞાનભંડારોની ઉત્પત્તિ વિકાસ અને હાલની સ્થિતિનું દિગ્દર્શન.

## જ્ઞાનભંડારો.

**જ્ઞાનભંડારોની સ્થાપના:—** પુરાતન હસ્તલિખિત, તાડપત્રપર, કપડાંના તેમ જ કાગળનાં પુસ્તકોના અંતમાં દૃષ્ટિગોચર થતા અનેક નાના મોટા ઉલ્લેખો તથા આચાર્ય ઉદયપ્રભકૃત ધર્માભ્યુદય (વસ્તુપાલ ચરિત્ર), પ્રભાવક ચરિત્ર, જીનહર્ષકૃત વસ્તુપાલ ચરિત્ર, કુમારપાલ પ્રબંધ, સુકૃત સાગર મહાકાવ્ય, ઉપદેશ તરંગિણી આદિ ઐતિહાસિક ચરિત્ર ગ્રંથો, કુમારપાલ રાસ, વસ્તુપાલ તેજપાલરાસ આદિ ઐતિહાસિક રાસાઓ તેમજ છુટક પાનાઓમાં મળતી વિવિધ નોંધોના આધારે સ્પષ્ટ રીતે જાણી શકાય છે કે જૈન ધર્મ અને તેના આચાર્યોને મળતા રાજ્યાશ્રયથી ૧૦ થી ૧૩મા શતક સુધીમાં જૈન આચાર્યોએ ગુજરાતના પાટનગરમાં તથા અન્ય સ્થળે રહીને ઇતિહાસ, ધર્મ, નીતિ, તત્વજ્ઞાન, સાહિત્ય વિગેરે સંબંધી અનેક અગત્યના ગ્રંથો લખીને ગુજરાતમાં જે સાહિત્ય ઉત્પન્ન કર્યું છે તે અતિ વિશાળ છે. દરેક ગચ્છના આચાર્યાદિ મુનિ વર્ગના ઉપદેશ કે પોતાના આંતરિક ઉલ્લાસથી અનેક રાજાઓએ, મંત્રીઓએ તેમ જ ધનાઢ્ય ગૃહસ્થોએ તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્તે, જીનાગમ શ્રવણ નિમિત્તે, પોતાના અગર પોતાના પરલોકવાસી સ્વજનના કલ્યાણ માટે, સાહિત્ય પ્રત્યેની પોતાની અભિરૂચિના કારણે અગર તેવા કોઇ પણ શુભ નિમિત્તે નવીન પુસ્તકાદર્શો લખાવીને અથવા પુરાતન જ્ઞાનભંડારો અસ્તવ્યસ્ત થવાને કારણે કોઇ વેચતું હોય તેને વેચાતાં લઇને મોટા મોટા જ્ઞાનભંડારોની સ્થાપના કરી છે અથવા પોતપોતાના શ્રદ્ધેય આચાર્યાદિ મુનિ વર્ગને તેવાં પુસ્તકો સંગ્રહો અધ્યયનાદિ નિમિત્તે ભેટ આપ્યાં છે. સાધારણમાં સાધારણ વ્યકિતઓએ પણ અલ્પસંપન્ન હોવા છતાં ઉપર જણાવેલાં શુભ નિમિત્તો પૈકીનું કોઇ પણ નિમિત્ત પ્રાપ્ત થતાં ટીપે ટીપે સરોવર ભરાય એ ન્યાયે મહાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાન જ્ઞાનભંડારો ઉભા કરવામાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો છે. લોક આગળ વાંચી બતાવવા વાસ્તે આચાર્યોને પુસ્તકો ભેટ ધરવાં એ જૈન ધર્મમાં સારૂં અને પુણ્યનું કામ મનાય છે. એટલા જ વાસ્તે એ લોકોએ પુસ્તકો લખાવવા પાછળ મોટી મોટી રકમો ભૂતકાળમાં ખર્ચી છે અને હાલમાં ખર્ચે છે. આવા વ્યકિતગત અલ્પ ફાળા દ્વારા જે કામો થયાં છે તે જો બાદ કરી દઇએ તો સમર્થ વ્યકિતઓએ કરાવેલા કાર્યોનું માપ પચીસ ટકા જેટલું જ છે. એટલે પ્રમાણમાં નાના સરખા દેખાતા આ ફાળાઓની કિંમત જેવી તેવી નથી.

પૂજ્યપાદ શ્રીમાન દેવર્ધિગણી ક્ષમાશ્રમણે વલ્લભી-વળામાં ગ્રંથ લેખનનો આરંભ તાડપત્રો ઉપર વિક્રમ સંવત ૫૧૦ માં કરાવ્યો ત્યારે અને ત્યાર પછી પણ અનેક સમર્થ તેમ જ સાધારણ વ્યકિતઓએ વિશાળ જ્ઞાનભંડારોની સ્થાપના કરી હતી. ગુજરાતના મહારાજા કુમારપાલ કે સિદ્ધરાજના સમય પહેલાં જૈન જ્ઞાનભંડારો હતા કે નહિ, હતા તો કયાં હતા ? તેની માહિતી મળી આવતી નથી; છતાં જૈન ગ્રંથો તો વિક્રમની છઠ્ઠી સદીમાં લખાયા હતા એ નિર્વિવાદ છે અને તે હિંદ પર અનેક વિદેશી હુમલાઓ થયા હતા તેથી, છઠ્ઠી સાતમી અને આઠમી સદીમાં બૌદ્ધોનું જોર, કુમારિલ ભટ્ટ અને ત્યાર પછી શંકરાચાર્યનો ઉદ્દ્ભવ, આરબોનું સંવત ૭૧૨ માં સીંધ દેશનું જીતી લેવું વિગેરે અનેક કારણોથી, અગ્નિ, જળ અને જંતુઓને વશ થઇ ઘણે ભાગે નાશ પામ્યા હોવાથી તેને લગતા ઐતહાસિક સાધનોના અભાવને લીધે માત્ર જ્ઞાનભંડારોની વિશાળતાનો ખ્યાલ આવે તેટલા, પાછલી શતાબ્દિઓમાં રાજા મહારાજા, યાત્રિકો અને ધનાઢ્ય ગૃહસ્થોએ જે જ્ઞાનભંડારો સ્થાપ્યા છે તેનો આ સ્થાને પરિચય આપવામાં આવે છે.

**રાજાઓએ સ્થાપેલ ભંડારો:**—રાજાઓમાં જ્ઞાનકોશની સ્થાપના કરનાર ગુર્જરેશ્વરો પ્રસિદ્ધ છે. એક વિદ્વત્પ્રિય સાહિત્યરસિક મહારાજા શ્રી સિદ્ધરાજ અને બીજા જૈન ધર્મપ્રતિપાલક મહારાજાશ્રી કુમારપાલ. સિદ્ધરાજે ત્રણસો લહિઆઓ એકઠા કરી સર્વદર્શનના ગ્રંથો લખાવી રાજકીય પુસ્તકાલય સ્થાપ્યાનો તથા આચાર્ય હેમચંદ્રકૃત સાંગોપાંગ સપાદલક્ષ (સવાલાખ) વ્યાકરણ ગ્રંથની સેંકડો પ્રતિઓ લખાવી તેના અભ્યાસીઓને આપ્યાનો તેમજ અંગ બંગ આદિ ભિન્ન ભિન્ન દેશોમાં ભેટ મોકલાવ્યાનો અને તે વિષયના અભ્યાસીઓને તે તે ગ્રંથો પૂરા પાડયાનો ઉલ્લેખ પ્રભાવક ચરિત્ર તથા કુમારપાલ પ્રબંધમાં છે. મહારાજ કુમારપાલ માટે પણ કુમારપાલ પ્રબંધાદિમાં એકવીશ જ્ઞાનભંડાર સ્થાપ્યાનો તથા પોતાના રાજકીય પુસ્તકાલય માટે જૈન આગમ ગ્રંથો અને આચાર્ય હેમચંદ્ર વિરચિત યોગશાસ્ત્ર સિવાય વિતરાગસ્તવની હાથપોથી સ્વર્ણાક્ષરે લખાવ્યાની નોંધ છે. આ સિવાય અન્ય રાજાઓએ જૈન ગ્રંથો લખાવ્યા હશે તેમ જ જૈન જ્ઞાન ભંડારોની સ્થાપના પણ કરી હશે; પરન્તુ તે સંબંધી ખાસ ઉલ્લેખ મળતા નથી.

**મંત્રીઓએ સ્થાપેલ ભંડારો:**—મંત્રીઓમાં જ્ઞાનભંડાર લખાવનાર પ્રાગ્વાટ ( પોરવાડ ) જ્ઞાતીય મહામાત્ય વસ્તુપાલ તેજપાળ અને ઓસવાળ જ્ઞાતીય માંડવગઢના મંત્રી પેથડશાહ ખાસ પ્રસિદ્ધ છે, મહામાત્ય વસ્તુપાલ તેજપાલ નાગેંદ્રગચ્છીય આચાર્ય વિજયસેન તથા ઉદયપ્રભસૂરિના ગૃહસ્થ શિષ્ય હતા. તેમના ઉપદેશથી તેમણે અઢાર કરોડના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખર્ચે ત્રણ જ્ઞાનભંડારો લખાવ્યાની નોંધ જીનહર્ષગણિકૃત વસ્તુપાલ ચરિત્ર, ઉપદેશ તરંગિણી આદિમાં નજરે પડે છે. મંત્રી પેથડશાહ તપગચ્છીય આચાર્ય ધર્મઘોષસૂરિના શિષ્ય હતા. તેમણે આગમ શ્રવણ કરતાં ભગવતીસૂત્રમાં આવતા વીર ગૌતમ નામની સોના નાણાથી પૂજા કરી તે એકઠા થયેલ દ્રવ્યથી પુસ્તકો લખાવી ભરૂચ આદિ સાત સ્થાનોમાં ભંડાર સ્થાપ્યા હતા. આ સિવાય મંત્રી વિમલશાહ મહામાત્ય આમ્રભટ ( આંબડ ) વાગ્ભટ્ટ ( બાહડ ) આદિ અન્ય મંત્રીવરોએ જ્ઞાન ભંડારો અવશ્ય લખાવ્યા હશે, પરન્તુ તેને લગતાં કશાં પ્રમાણો જોવામાં આવ્યાં નથી.

**ધનાઢ્ય ગૃહસ્થોએ સ્થાપેલ ભંડારો:**—ત્રીજા વર્ગમાં ધનાઢ્ય ગૃહસ્થો આવે છે. તેમના નામોની પૂરી નોંધ આપવી એ તો શકયજ નથી, છતાં સાધારણ ખ્યાલ આવી શકે તેટલા ખાતર તેવા ધર્માત્મા ગૃહસ્થોનાં ચાર પાંચ નામનો પરિચય આપવો ઉચિત ગણાશે; જેમ મહામાત્ય વસ્તુપાળ આદિએ પોતપોતાના ગુરૂના ઉપદેશથી પુસ્તકો લખાવ્યાં છે તેમ ખરતરગચ્છીય આચાર્ય જીનભદ્રના આદેશથી ધરણીશાહે મહામહોપાધ્યાય શ્રીમન્‌સમુદ્રગણીના ઉપદેશથી નંદુરબારનિવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય ભીમના પૌત્ર કાલુએ, આગમગચ્છીય શ્રી સત્યસૂરિ જયાનંદસૂરિ, વિવેકરત્નસૂરિના ઉપદેશથી પેથડશાહ મંડલિક તથા વર્લત કાન્હાએ નવિન ગ્રંથો લખાવી જ્ઞાન ભંડારો સ્થાપ્યા હતા, કેટલાક એવા ગૃહસ્થો હતા જેઓ કોઇ વિદ્વાન મુનિવરે નવીન ગ્રંથની રચના કરી હોય તેની એકી સાથે ઘણી નકલો લખાવતા; આ વાતની સાબીતી કેટલાક ગ્રંથોને છેડે તે તે ગ્રંથકર્તાઓએ આપેલ પ્રશસ્તિઓ પરથી સારી રીતે મળે છે. કેટલાક એવા પણ હતા જેઓ માત્ર કલ્પસૂત્રની જ પ્રતો લખાવતા અને પોતાના ગામના ઉપાશ્રયોમાં અગર ગામે ગામ ભેટ આપતાં. જૈન ભંડારોમાં હસ્તલિખિત પ્રતો આવા મોટા જથામાં શી રીતે એકઠી થતી તે આ પરથી સમજાશે. આ રીતે દરેક ગચ્છના આચાર્યાદિ મુનિવર્ગના પુણ્ય ઉપદેશથી ભિન્ન ભિન્ન જ્ઞાતિના સેંકડો ધર્માત્માઓએ એકજ નહિ પણ અનેકાનેક જ્ઞાન ભંડારો સ્થાપ્યા હતા.

## જ્ઞાન ભંડારનાં પુસ્તકો અને તે લખવાનાં સાધનો.

### પુસ્તકનાં પાનાં તરીકે જુના વખતમાં વપરાતી ચીજો.

**તાડપત્ર:**—તાડપત્ર એટલે તાડના ઝાડના પાંદડાં. તાડના ઝાડ બે પ્રકારના થાય છે ખરતાડ અને શ્રીતાડ. ગુજરાતની ભૂમિમાં જે તાડના ઝાડ અત્યારે છે તે ખરતાડ છે. તેનાં પાન સ્થુળ લંબાઇ પહોળાઇમાં ટૂંકાં તેમજ નવાં હોય ત્યારે પણ સહેજ ટકકર લાગતાં તૂટી જાય તેવાં બરડ હોય છે માટે પુસ્તક લખવાનાં કાર્યમાં તેનો ઉપયોગ કરાતો નથી. શ્રીતાડના ઝાડ મદ્રાસ બ્રહ્મદેશ આદિમાં થાય છે, તેનાં પત્રો શ્લક્ષ્ણ લાંબા પહોળા તેમજ સુકુમાર હોવાથી ઘણાં વાળવામાં આવે તો પણ ભાંગવાનો ભય રહેતો નથી. આ પત્રો સાફ કર્યા પછી પણ ૩૩ ઇંચથી પણ લાંબા અને ૩॥ ઇંચ પહોળા રહે છે. આ શ્રીતાડનાં પત્રોનો જ પુસ્તક લખવા માટે ઉપયોગ કરાતો અને હજી પણ કરાય છે. દક્ષિણમાં તાડપત્ર ઉપર ખીલાથી લખવામાં આવ્યું છે જ્યારે ગુજરાતની પ્રતોમાં તાડપત્રનો ચળકાટ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીસાપણું કાઢી નાખી કલમવડે સાહીથી અક્ષરો લખવામાં આવ્યા છે. તાડપત્ર પર પુસ્તક લખવાનો પ્રારંભ વિક્રમ સંવત્ ૫૧૦ માં* કરાયો હતો, પણ તેટલાં જૂનાં તાડપત્રીય પુસ્તકો હાથ આવતા નથી. બારમી શતાબ્દિના પ્રારંભમાં લખાએલ તાડપત્રો હજી સુધી એટલાં બધાં સુકુમાર છે કે તેને વચમાંથી આપણે ઉપાડીએ તો તેની બન્ને તરફનો ભાગ ભાંગ્યા સિવાય સ્વમેવ નમી જાય છે ચિત્રવાળાં તાડપત્રના પુસ્તકો ઠીક સંખ્યામાં મળી આવે છે.

* કાગળો: જૂના વખતમાં અને છેક ઓગણીસમી સદીના અંત સુધીમાં આપણા દેશના દરેક વિભાગમાં પોતપોતાની ખપત અને જરૂરિયાત પ્રમાણે ભુંગળીઆ સાહેબખાની આદિ અનેક પ્રકારના કાગળો બનતા અને તેમાંથી જેને જે સારા અને ટકાઉ લાગતા તેનો તે પુસ્તક લખવા માટે ઉપયોગ કરતા. આજકાલ આપણા ગુજરાતમાં શાસ્ત્રીય ગ્રંથો તથા વેપારી ચોપડા લખવા માટે અમદાવાદી તેમ જ કાશ્મીરી કાગળનો ઉપયોગ થાય છે. કાશ્મીરી કાગળ રેશમના બનતા હોઇ એટલા મજબુત હોય છે કે તેને ઘણા જોરથી આંચકો મારવામાં આવે તો પણ એકાએક કાટતા નથી. પુસ્તક લખવા માટે જે કાગળો આવે છે તે ત્યાંથી ઘૂંટાઇને જ આવે છે કે જેથી લખતાં અક્ષરો ફૂટી નીકળતા નથી. એમ અનુમાન કરવામાં આવે છે કે ગુજરાતમાં પહેલવહેલો કાગળનો પ્રવેશ કુમારપાલના વખતમાં થયો હોય પરન્તુ તેના એટલે ૧૩ માં સૈકામાં લખાયલાં કાગળ ઉપરનાં પુસ્તકો ખાસ મળી આવતાં નથી. ભંડારોમાં જૂનામાં જૂનાં કાગળ ઉપરનાં પુસ્તકો સંવત ૧૩૫૬–૫૭ માં નકલ કરાયલાં છે. અને તે તાડપત્રનાં પુસ્તકોની માફક કાપેલાં છૂટાં પાનાં ઉપર છે. આવાં કાગળ ઉપરનાં પુસ્તકોમાં ચિત્રો સોનેરી રંગથી ચીતરવામાં આવતા.

કાપડું: - સામાન્ય ખાદીનાં કપડાંના બે કટકા ઘઉંના આટાની ખેળથી ભેગા ચોંટાડી ને ઉપરની બન્ને બાજુએ ખેળ લગાડી સુકાયા પછી તે કપડાના પાનાને અકીકના અગર તેવા કોઇ ઘૂંટાવડે ઘૂંટવાથી તે લખવા લાયક પાનાં બને છે. પાટણના વખતજીની શેરીના ભંડારમાં કપડા ઉપર લખેલાં બે પુસ્તકો સારી સ્થિતિમાં છે. એક પુસ્તક સં૦૧૪૧૮ માં લખાયલું છે તેના પાનાનું માપ ૨૫ ઇંચ લંબાઇ તથા ૫ ઇંચ પહોળાઇ છે. તેમાં ૯૨

---

* ભોજપત્રપર લખાએલ 'સંયુક્તાગમ' નામનો બૌદ્ધ ગ્રંથ મળ્યો તે ઈ. સ. ની ચોથી શતાબ્દિમાં લખાએલ મનાય છે.

અહીં જે લખવામાં આવ્યું છે તે માત્ર જૈન સમ્પ્રદાયના લેખનને આધારે સમજવાનું છે, ઇતર સંપ્રદાયને આધારે નહિ. કારણ કે તાડપત્રપર લખાએલ એક નાટકનો ખંડ મળ્યો છે જે ઈ. સ. ની બીજી શતાબ્દિમાં લખાએલ માનવામાં આવે છે. જે ડો. લૂડર્સે છપાવેલ છે. ( Kleimere Sanskrit text Part I )

* બાદશાહ અલેક્ઝાન્ડરના સેનાપતી નિઆર્કસે પોતાની લડાઇના વૃત્તાંતમાં જણાવ્યું છે કે ભારતવાસી લોકો રૂને અને ચિંથરાંને કૂટી કૂટીને કાગળ બનાવતા હતા તેમ જ ડા. વેબરને મધ્ય એશિયામાંના યારકંદ નગરથી દક્ષિણમાં ૬૦ માઇલ પર આવેલ 'કુગિઅર' નામના સ્થાનમાંથી કાગળપર પ્રાચીન લિપિમાં લખાયેલ ચાર સંસ્કૃત ગ્રંથો મળ્યા છે જે ડૉ. હોર્નલીના કહેવા પ્રમાણે ઈ. સ. ની પાંચમી શતાબ્દિનાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃષ્ઠ છે. હમણાં પણ ભાગ્યેજ મળે, તેમાં પુસ્તકોની નકલ માટે કપડાંનાં પાનાં પસંદ કરવામાં આવે છે. અત્યારે આનું સ્થાન ટ્રેસીંગ કલોથે લીધું છે.

**ભોજ પત્ર:**—ભૂર્જપત્ર. આનો ઉપયોગ મુખ્યત્વે મંત્રો લખવા માટે કરાતો અને હજી પણ કરાય છે.

પુસ્તકો લખવા માટે તાડપત્ર તેમ જ કાગળનો જેટલો બહોળો ઉપયોગ કરાયો છે તેટલો બીજી કોઈપણ વસ્તુનો કરાયો નથી. તેમાં પણ લગભગ છ થી તેરમી શતાબ્દિ પર્યન્ત તો પુસ્તક લખવા માટે તાડપત્રનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે.

## લખવાને વપરાતી ચીજો.

**કલમ:**—કલમ માટે ઘણાં પ્રકારનાં બરૂ વપરાતાં અને વપરાય છે. જેવાં કે તજીયાં, કાળાં, ધોળાં, વાંસના વિગેરે. આમાં તજીયાં બરૂ તજની માફક પોલાં હોય છે. એ સ્વભાવે બરડ હોય છે તથાપિ તેમાં એક ગુણ એ છે કે તેનાથી કેટલુંય લખીએ તો પણ તેની અણીનો કૂચો વળતો નથી.

**પીંછી**—ખિસકોલીના પૂંછડાના વાળને કબુતરના પીંછાના આગલા ભાગમાં પરોવીને બનાવેલી પીંછી સારી ગણાય છે. આ વાળ કુદરતે જ પીંછીના આકારમાં ગોઠવેલા છે અને તે એકાએક સડી કે તૂટી જતા નથી. આવી પીંછીઓનો ઉપયોગ પુસ્તક શોધવા માટે કરાય છે; જેમકે ચ નો વ, બ નો વ, મ નો ન કરવો હોય, એક અક્ષર કે આખી પંકિત કાઢી નાખવી હોય અથવા એક અક્ષરને બદલે બીજો અક્ષર કરવો હોય તો પીંછી વડે હરિતાલ કે સફેદાને તે નકામા ભાગપર લગાડતાં જોઈતો અક્ષર બની જાય છે.

**જુજબળ:**—કલમથી લીંટીઓ દોરતાં થોડી વારમાં જ કલમ બુઠ્ઠી થઈ જાય છે માટે લીટીઓ દોરવા માટે જુજબળ વપરાય છે. હજુ પણ મારવાડમાં વપરાય છે. આ લોઢાનું હોય છે અને તેનો આકાર આગળથી ચીપીયા જેવો હોય છે. આનું સ્થાન અત્યારે રૂલે લીધું છે એમ કહેવામાં જરાયે હરકત નથી.

**સોયા**—બ્રહ્મદેશ, મદ્રાસ આદિ જે પ્રદેશોમાં તાડપત્રને ખોતરીને લખવાનો રિવાજ છે ત્યાં કલમને બદલે લોઢાના અણીદાર સોયાનો ઉપયોગ કરાય છે.

**તાડપત્ર પર લખવાની કાળી શાહી.**—લીંબડાના ગુંદરથી બમણો બીજાબોળ, તેનાથી બમણું તલના તેલનું પાડેલું કાજળ લેતા. આ બધાને તાંબાપાત્રમાં નાંખી અગ્નિ ઉપર ચઢાવી તેમાં ધીરેધીરે લાક્ષારસ નાખતા અને તાંબાની ખોળી ચઢાવેલ ઘૂંટાને તળીએ ભીલામાનો રસ લગાડી ઘૂંટતા. તેમાં ભાંગરાનો રસ પણ નાખતા આ પ્રમાણે તાડપત્ર પર લખવા લાયક શાહી તૈયાર કરવામાં આવતી. તાડપત્ર પર શાહીથી લખતા પહેલાં તેનું લીસાપણું અને ચળકાટ કાઢી નાંખવામાં આવતો, પણ જ્યાં તાડપત્રને સોયાથી કોતરીને લખવાનો રિવાજ છે ત્યાં શાહીને બદલે નાળીએરની ઉપરની કાચલી કે બદામનાં ઉપરનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છોતરાં બાળીને તેની મેશને તેલમાં મેળવી તેને કોતરીને લખેલા તાડપત્ર પર ચોપડી દીધા પછી કપડાથી સાફ કરતા, તેથી કોતરેલા અક્ષરો કાળા લખેલા હોય તેવા દેખાતા.

**કાગળ લખવાની શાહી**—કેટલીક શાહીઓ કાગળને ઘણા જ થોડા વખતમાં ખાઇ જાય છે. તેથી પુસ્તકો ઘણાં વર્ષો સુધી-હજારો વર્ષો સુધી ટકી રહે તે માટે શાહીની બનાવટ તરફ ખાસ લક્ષ આપવામાં આવતું હતું. કાજળને કલવાય તેટલા ગૌમૂત્રમાં અને હીરાબોળ તથા ગુંદરને સામાન્ય પાતળો રસ થાય તેટલા પાણીમાં આખી રાત ભીંજાવી રાખી ત્રણેને તાંબાની કે લોઢાની કડાઇમાં કપડાથી ગાળીને તાંબાની ખોળી ચઢાવેલા લીંબડાના લાકડાના ઘૂંટાથી ખૂબ ઘૂંટીને કાળી ભભકાવાળી અને તેજદાર શાહી બનાવતા.

**ચિત્રકામ માટે**—હિંગળોકનો ઉપયોગ લાલ રંગ તરીકે તથા લાલ શાહી તરીકે પણ કરતા. સોનેરી રૂપેરી શાહી પણ બનાવતા. મંત્રાક્ષરો લખવા માટે અષ્ટગંધ શાહી તથા યક્ષકર્દમ શાહીનો ઉપયોગ કરતા.

## પુસ્તકોની બાંધણી તથા પ્રકાર.

**તાડપત્રીય પુસ્તકની બાંધણી:**—તાડપત્ર ઉપર લખાયલી નાની પ્રતોમાં દરેક પાનામાં વચ્ચે એક કાણું અને બાંબીમાં પાનાની જમણી બાજુએ એક અને ડાબી બાજુએ એક એમ બે કાણાં રાખવામાં આવતાં. આ કાણામાં દોરી પરોવવામાં આવતી કે જેથી આખું પુસ્તક અખંડ રહે. ઉપર નીચે લાકડાનાં પાટીયાં કે ચામડાનાં પૂઠાં રાખવામાં આવતાં અને તેમાંથી પણ દોરી પસાર કરવામાં આવતી. દોરી સુતરની કે રેશમની વપરાતી અને તેનાથી ગ્રંથ બંધ કરતી વખતે આખી પ્રતને બાંધવામાં આવતી. પછી તે પ્રતને લુગડાના કે રેશમના કકડામાં વીંટાળીને રાખવામાં આવતી.

અત્યારે જે તાડપત્રીય પુસ્તકો છે તે છસો પાનાની અંદરનાં જ છે, તેથી વધારે પાનાનું એક પણ પુસ્તક નથી. ઘણાંખરાં પુસ્તકો ત્રણસો પાના સુધીનાં અને કેટલાંએક તેથી વધારેનાં મળી શકે છે, કિન્તુ પાંચસોથી વધારે પાનાનું પુસ્તક માત્ર પાટણના સંઘવીના પાડાના પુસ્તક સંગ્રહમાં માત્ર એક જ છે અને તે ત્રુટિત અને અસ્તવ્યસ્ત થઇ ગએલું છે. છસોથી વધારે પાનાનું તાડપત્રીય પુસ્તક સુરક્ષિત રાખવું એ ઘણું જ મુસીબત થાય તેથી વધારે પાનાનું તાડપત્રીય પુસ્તક નહિ લખાતું હોય, એમ અનુમાન થાય છે. મોટામાં મોટા તાડપત્રીય પુસ્તકનું કદ ૩૬×૨$\frac{1}{2}$ ઇંચ અને નાનામાં નાના પુસ્તક—પુસ્તિકાનું કદ ૪$\frac{1}{2}$× ૧$\frac{1}{2}$ ઇંચનું હોય છે. પંદરમા સૈકાની આખર સુધી તાડપત્રીય પુસ્તકો લખાયાં છે. ત્યાર બાદ પુસ્તકો લખવામાં કાગળોનો જ મુખ્યત્વે ઉપયોગ કરાયો છે.

**પાનાં નોંધવાની રીત**—તાડપત્ર પર લખાયલાં પુસ્તકોનાં પૃષ્ઠ નોંધવાની રીત વિલક્ષણ છે. પાનની ડાબી બાજુએ સંખ્યા મૂકવામાં આવે છે પણ જમણી બાજુએ જુદા જુદા સાંકેતિક અક્ષરોથી પૃષ્ટની સંખ્યા જણાવવામાં આવે છે. स्व એટલે એક, स्ती એટલે બે, स्ति એટલે ત્રણ, सु એટલે સો, सू એટલે બસો. વગેરે તાડપત્રમાં ચાલુ અંકો એક બાઇ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમાં નથી લખાતા પણ એક નીચે એક એમ લખવામાં આવે છે. જૂના કાગળ ઉપર લખેલાં પુસ્તકોનાં પાનાંની સંખ્યા મોટે ભાગે આંકડાથી મૂકવામાં આવી છે.

**પુસ્તકના પ્રકાર**—પુસ્તકની લંબાઇ પહોળાઇ જાડાઇ તથા પાનાના આકાર ઉપરથી તેમને જુદાં જુદાં નામ આપવામાં આવે છે, જેવાં કે ગંડી, કચ્છપી, મુષ્ટિ, સંપુટફલક અને સૃપાટી.

## લખાણની પદ્ધતિ ઉપરથી અપાતાં નામ.

**ત્રિપાટ**—પુસ્તકના પાનાના મધ્ય ભાગમાં મોટા અક્ષરથી મૂળ સૂત્ર કે શ્લોક લખી નાના અક્ષરોથી ઉપર તથા નીચે ટીકા લખવામાં આવેલ છે તેથી તેના ત્રણ ભાગ પડતા હોવાથી તે પુસ્તક ત્રિપાટ એ નામથી ઓળખાય છે.

**પંચપાટ**—પુસ્તકના પાનાના મધ્યમાં મોટા અક્ષરે મૂળ સૂત્ર કે શ્લોક લખી નાના અક્ષરોથી ઉપર નીચે તથા બન્ને તરફના માર્જીનમાં ટીકા લખવામાં આવેલ, તેથી તેના પાંચ ભાગ પડતા હોવાથી તે પુસ્તક પંચપાટના નામથી ઓળખાય છે.

**સૂંઢ**:—જે પુસ્તક હાથીની સૂંઢની પેઠે સળંગ કોઇ પણ પ્રકારના વિભાગ સિવાય લખાયું હોય તે સૂંઢ કહેવાય છે.

સટીક પુસ્તક હોય તે જ ત્રિપાટ અથવા પંચપાટ રીતે લખાય છે. આપણાં પુરાતન પુસ્તકો સૂંઢ જ લખાતા. ત્રિપાટ પંચપાટ પુસ્તક લખવાનો રિવાજ વિક્રમની પંદરમી સદીમાં આરંભાયો હોવો જોઇએ.

**લહીઆ**:—ભારતવર્ષમાં કાયસ્થ બ્રાહ્મણ આદિ જ્ઞાતિનાં અનેક કુટુંબો પુસ્તકો લખવાના ધંધા દ્વારા પોતાનો નિર્વાહ ચલાવતાં. આજથી પચીશ વર્ષ પહેલાં ગુજરાત તેમજ મારવાડમાં લહીઆઓના વંશો હતા, જેઓ પરંપરાથી પુસ્તક લખવાનો જ ધંધો કરતા હતા. પરંતુ મુદ્રણકળાના યુગમાં તેમની પાસે પુસ્તકો લખાવનાર ઘટતાં તેઓએ પોતાની સંતતિને અન્ય ઉદ્યોગ તરફ વાળી અને પરિણામ એ આવ્યું કે જે લહીઆઓને એક હજાર શ્લોક લખવા માટે બે ત્રણ અને સારામાં સારો લહીઓ હોય તો ચાર રૂપિયા આપવામાં આવતા હતા અને તેઓ જે સુંદર લિપિ તેમજ સામેના આદર્શ જેવો જ આદર્શ-નકલ લખતા તેવી શુદ્ધ સુંદર નકલ લખવા માટે અત્યારે આપણે દર હજારે દશથી પંદર રૂપિયા આપીએ તોપણ તેના જેવો લેખક કોઇ જવલ્લેજ મળી શકે. અને તાડપત્રની પુરાતન પ્રતિ ઉપરથી નકલ કરનાર તો ભાગ્યે જ મળે. તાડપત્ર પર લખવાની રીત લગભગ ભુલાઇ ગઇ છે. તાડપત્ર પર જે લીસાપણું તેમજ ચળકાટ હોય છે તે શાહીને ટકવા દેતો નથી; તે કાઢી નાખવાનો વિધિ પણ હાલમાં કોઇ જાણતું નથી.

**લહીઆઓનો કેટલાક અક્ષરો પ્રત્યે અણગમો**:—લહીઆઓ પુસ્તક લખતાં લખતાં સહેજ ઉઠવું હોય અથવા તે દિવસ માટે કે અમુક વખત માટે લખવાનું બંધ કરવું હોય તો ક ખ ગ ઙ ચ છ જ ઞ ટ ઠ ઢ ણ થ દ ધ ન ભ મ ય ર ષ સ હ ક્ષ જ્ઞ અક્ષરો આગળ અટકતા નથી, કારણકે ક કટ જાવે, ખ ખા જાવે, ગ ગરમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવે, ચ ચલ જાવે, છ છટક જાવે, જ જોખમ દરખાવે, ઠ ઠામ ન બેસે, ઢ ઢળી પડે, ણ હાણુ કરે, થ થીર ના કરે, દ દામ ન દેખે, ધ ધન છાંડે, ન નઠારો, ફ ફટકારે, ભ ભમાવે, મ માઠો, ય ફેર ન લીખે, ર રોવે, ષ ખાંચાળો, સ સંદેહ ધરે, હ હીણો, ક્ષ ક્ષય કરે, જ્ઞ જ્ઞાન નહિ, એમ માને છે. જ્યારે ધ ઝ ટ ડ ત પ બ લ વ શ અક્ષરો આગળ અટકે છે, કેમ કે લ ધસડી લાવે, ઝ ઝટ કરે, ટ ટકાવી રાખે, ડ ડગે નહિ, ત તરત લાવે, પ પરમેશ્વરો, બ બળિયો. લ લાવે, વ વાવે, શ શાન્તિ કરે એમ તેઓ માને છે.

મારવાડના લહીઆઓ મુખ્યત્વે વ ઉપર વધારે આધાર રાખે છે. લખતાં લખતાં કોઇ પણુ કામે ઉઠવું હોય કે લખવાનું બંધ કરવું હોય તો વ આવતાં ઉઠે અથવા કોઇ કાગળમાં વ લખીને ઉઠે.

**(૧) વિપક્ષી કે વિધર્મી પ્રજાએ જ્ઞાન ભંડારોને પહોંચાડેલું નુકશાનઃ—** કુમારપાલની ગાદીએ આવનાર અજયપાલ જૈન ધર્મ અને જૈનોનો એટલો બધો દ્વેષી બન્યો હતો કે જૈન સાહિત્યનો નાશ કરવામાં તેણે પોતાની બધી સત્તા વાપરવા માંડી. આથી ઉદયન નામના જૈન મંત્રી તથા વાગ્ભટે અજયપાલ સામે થઇ જૈન સંઘને ત્યાંના ( પાટણુના ) જ્ઞાન ભંડારોને ગુપ્ત સ્થાનમાં રવાના કરવા ત્વરા કરાવી. જૈન સંઘે પણુ સમયસૂચકતા વાપરી ભંડાર ખસેડી દીધા' મહામાત્ય વાગ્ભટ તથા તેના નિમકહલાલ સુભટો પોતાના દેહનું બળિદાન આપી યમરાજના અતિથિ બન્યા. જૈન સંઘે આ ભંડારોને તે સમયે કયાં સંતાડયા ? પાછળથી તેની કોઇએ સંભાળ લીધી કે નહિ આદિ કશું જ કોઈ જાણુતું નથી; તેમ જ તે હકીકતનો ઉલ્લેખ પણુ કયાંય થયો નથી. સંભવ છે કે તેને જ્યાં રાખવામાં આવ્યા ત્યાંને ત્યાં જ રહ્યા હોય, કેટલાકોનું કહેવું છે કે તે બધું તે સમયે જેસલમીર મોકલાયું હતું; પરંતુ ત્યાંના કિલ્લામાં અત્યારે જે પુસ્તકસંગ્રહ છે તે જોતાં તેમ માનવાને કશું જ કારણુ નથી મળતું.

**(૨) અજ્ઞાનતા અને બેદરકારીએ કરેલું નુકસાનઃ—**આજ સુધીમાં સેંકડો જ્ઞાનભંડારો ઉભા થયા અને કાળની કુટિલતાને બળે, રાજ્યની ઉથલપાથલને લીધે, જૈન યતિવર્ગની પતિતતાને કારણે તેમ જ જૈન સમાજની અજ્ઞાનતા અને બેદરકારીને લીધે પણુ તે બધાય શીર્ણ–વિશીર્ણ થઇ ગયા. ગુજરાત, મારવાડ, મેવાડ, બંગાળ અને દક્ષિણુ આદિ દેશોમાં વસતા પતિત યતિ વર્ગે સેંકડો ભંડારો નષ્ટ કર્યાની વાત સૌ કોઇ જાણુતું હશે. પરંતુ તે જ દેશોમાં વસતા અજ્ઞાન આગેવાનો ગણુાતા જૈન ગૃહસ્થ વર્ગે સ્વયં તેમ જ કેટલીએકવાર મોટા તરીકે પંકાએલા અણુસમજુ મુનિવર્ગની પ્રેરણા કે સમ્મતિથી, પુરાતન કિંમતી પુસ્તકોને ઉધઇથી ખવાઇ જવાના કારણે, જીર્ણ થવાને લીધે, પાણીથી ભીંજાઇને ચોંટી જવાને અથવા બગડી જવાને કારણે, ઉંદર આદિએ કરડી ખાધેલ હોવાને લીધે ઉથલપાથલના વખતમાં એકબીજાં પુસ્તકોનાં પાનાંઓ સેળભેળ થઇ અવ્યવસ્થિત થવાને કારણે અથવા તેવા અન્ય કોઇ કારણે વહેતી નદીમાં, દરિયામાં અથવા જૂના કુવામાં પધરાવીને નાશ કર્યાની ઘણા થોડાને ખબર હશે. આ પ્રમાણે ફેંકી દેવાયલાં સંગ્રહમાં સેંકડો અલભ્ય મહત્વના ગ્રંથો કાળના મુખમાં જઇ પડયા છે. કેટલેક ઠેકાણે તો ભંડારને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધારવાને બહાને, તેની ટીપ કરવાને બહાને અગર વાંચવા લેવાને બ્હાને વહીવટ કરનારના વિશ્વાસનો અથવા તેમની અણસમજનો લાભ લઇ કોઇ કોઇ મહાશયોએ પુસ્તકો અસ્તવ્યસ્ત કર્યાની તેમ જ પાછા નહીં આપ્યાની અગર ભળતા જ ગ્રંથો પાછા આપી અમૂલ્ય ગ્રંથો પચાવી પાડયાની હકીકતો જાહેર છે. તેમાંના અમૂલ્ય ગ્રંથો જોવાને સને ૧૮૩૨ માં રાજસ્થાનના લેખક કર્નલ ટૉડે પ્રથમ પ્રયત્ન કર્યો અને ત્યારથી આવા પ્રાચીન ઐતિહાસિક હસ્તલિખિત પુરાવાઓ ઉપર પશ્ચિમના વિદ્વાનોની નજર ખેંચાઇ છે. અને કેટલાકે બ્રિટિશ સરકારની મારફત જુદા જુદા સ્થળના જ્ઞાનભંડારો જોવા પ્રયત્નો જુદે જુદે વખતે કર્યા છે. આવી રીતે જોનારામાંથી કેટલાક તો કેટલેક ઠેકાણે ઘણી મોટી નાણાંની લાલચો આપી વહીવટ કરનારની અજ્ઞાનતાનો લાભ લઇ અમૂલ્ય ગ્રંથો ઉપાડી ગયા છે.

## પ્રાચીન જ્ઞાન ભંડારોના અવશેષો.

હાલના જૈન જ્ઞાનભંડારો—અત્યારે આપણા જમાનામાં જૈન મુનિ વર્ગ અને જૈન સંઘના સ્વત્વ નીચે વર્તમાન જે મહાન્ જ્ઞાનભંડારો છે તે બધાય ઉપરોક્ત જ્ઞાનભંડારોના અવશેષોથી બનેલા છે. આ જ્ઞાન ભંડારોની પુરાતત્વજ્ઞોની દૃષ્ટિમાં જે દર્શનીયતા કે બહુમૂલ્યતા છે તે પણ એ અવશેષોને જ આભારી છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. ભંડારોમાં જૈનધર્મ સંબંધી પુષ્કળ ગ્રંથો છે. આચાર્યોએ કરેલી ટીકાઓ ઘણીજ મહત્વની છે, કેટલાક કાવ્યો અને નાટકો તો ઐતિહાસિક છે. જૈન ઇતિહાસ બાદ કરીએ તો પણ ઘણાં સામાન્ય ઇતિહાસ માટે અગત્યના છે. આ સિવાય વ્યાકરણ, કોશ, અલંકાર, નાટયશાસ્ત્ર, જ્યોતિષ વિગેરેના અનુપમ ગ્રંથો આ ભંડારોમાંથી મળી આવે છે. જૈનોએ બ્રાહ્મણ ધર્મના વિષયો ઉપર પણ ગ્રંથો રચ્યા છે. જૈનાચાર્યોએ રચેલું સાહિત્ય બાદ કરીએ તો ગુજરાતનું સાહિત્ય અત્યંત ક્ષુદ્ર રહેશે. સાહિત્યની પ્રવૃત્તિ પુસ્તકોના સંગ્રહ વિના અશક્ય છે. અને તેથી જૈનોએ પોતાના ધાર્મિક સાહિત્ય ઉપરાન્ત બૌદ્ધ અને બ્રાહ્મણ ગ્રંથો પણ ભંડારોમાં સંગ્રહેલા અને તેથી જ બૌદ્ધો તથા બ્રાહ્મણોના પ્રાચીન ગ્રંથો જે બીજે કોઇ પણ ઠેકાણેથી મળે નહી તે આ પ્રાચીન જ્ઞાન ભંડારોના અવશેષોમાંથી મળી આવે છે.

## તેમનાં રક્ષણનાં સાધનો અને ઉપાયો.

મકાન—આવાં જૂના વખતનાં હસ્તલિખિત પુસ્તકો રાખવાનાં સ્થાન ભેજ રહિત તેમજ ચોમાસામાં પાણી ન પડે તેવાં હોવાં જોઇએ. ઉધઇથી જ્ઞાન ભંડારનું રક્ષણ કરવાને પુસ્તક મૂકવાની પેટી, કબાટ વિગેરેની આસપાસ ધૂળ કચરો ન વળવા દેવો તેમ જ તે જમીનથી અદ્ધર રહે તેમ ગોઠવવાં. ઉંદરથી બચાવવા માટે જેમાં પુસ્તકો હોય તેમાં ઉંદર પેસી જાય તેવું પોલાણ કે રસ્તા ન હોવા જોઇએ. હાલના વખતમાં પુસ્તકાલય પ્રવૃતિમાં રસ લેનાર વિચારકોએ પુસ્તકાલયો માટે કેવી જાતની બાંધણીનાં અને કેવી કેવી સહિસલામતીવાળાં મકાનો હોવાં જોઇએ, તેમ જ પુસ્તકો રાખવા માટે કબાટો વિગેરેની રચના કેવી જાતની હોવી જોઇએ તે વિષે ઘણી જાતની યોજનાઓ કરી છે. આ જૂના ભંડારોનાં હસ્તલિખિત પુસ્તકોને પણ ખાસ જૂદાં હવા અજવાળાવાળાં મકાનો બાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કબાટો વિગેરેમાં તેમની ખાસ જરૂરીયાતો પ્રમાણે કપડાં વિગેરેમાં મજબૂત બાંધી ગોઠવવાની તજવીજ કરવામાં આવે તો તે ઘણા લોકોની જાણમાં સહેલાઇથી આવે અને વિદ્વાનોને તેનું અધ્યયન કરવું ઘણું સહેલું થઇ પડે.

**હવા પાણી અને શરદી સામે રક્ષણ**--હસ્તલિખિત પુસ્તકોની શાહીમાં ગુંદર વપરાતો હોવાથી હવામાં ભીનાશનું પ્રમાણ વધતાં અને ખાસ કરીને ચોમાસાના દિવસોમાં પુસ્તકોનાં પાનાં એક બીજા સાથે ચોંટી જાય છે. આ પ્રમાણે ચોંટી ન જાય તે માટે દરેકે દરેક ગ્રંથ તે માટેના કપડામાં મજબૂત રીતે બાંધી રાખવો જોઇએ. મજબૂત બાંધેલ પુસ્તકમાં શરદી-ભીની હવા પ્રવેશી શકતી નથી. પુસ્તકને તેના લાંબા આયુષ્ય માટે શત્રુની જેમ મજબુત બાંધવું. અધ્યયનાદિ માટે જે પુસ્તક બહાર રાખ્યું હોય તેનાં પણ જરૂરી પાનાં બહાર રાખી બાકીનાં પાનાં મજબૂત બાંધીને જ રાખવાં અને બહાર રાખેલ પાનાંને પણ વધારે પડતી હવા ન લાગે તે માટે કાળજી રાખવી જોઇએ. જૈન હસ્તલિખિત ગ્રંથોના ભંડારના કાર્યવાહકો ચોમાસામાં ભંડારને બનતાં સુધી ઉઘાડતા નથી તેનું મુખ્ય કારણ પુસ્તકોને હવા ન લાગે એ ખાસ છે.

## કાગળનાં ચોંટી જતાં અને ચોંટી ગયેલ પુસ્તકો

**ચોંટી જતાં પુસ્તકો**:--કેટલાંક પુસ્તકોમાં શાહી બનાવનારની અણસમજ અગર ધૂર્તતાને લીધે શાહીમાં વધારે પ્રમાણમાં ગુંદર નાંખવાથી સહજ માત્ર ભીની હવા લાગતાં તેનાં પાનાં ચોંટવા માંડે છે. આવાં પુસ્તકના દરેક પાના ઉપર ગુલાલ ભભરાવી દેવો એટલે ફરી ચોંટવાનો ભય ઓછો થઇ જશે.

**ચોંટી ગયેલ પુસ્તકો**:--કેટલાંક પુસ્તકોને વધારે પ્રમાણમાં ભીની હવા લાગવાથી તે ચોંટીને રોટલા જેવાં બની જાય છે. તેવા પ્રસંગે તેમને ઉખેડવા માટે પાણીઆરાની કોરી જગ્યામાં અથવા પાણી ભર્યા બાદ ખાલી કરેલ માટલા કે ઘડામાં અંદરની ભીની હવા લાગે તેમ મૂકવાં અને ભીની હવા બરાબર લાગ્યા પછી ચોંટી ગએલ પાનાંને ધીરે ધીરે ઉખેડવાં. જો વધારે ચોંટી ગયાં હોય તો વધારે પ્રમાણમાં ભીનાશ લાગ્યા પછી ઉખાડવાં. કોઇ પણ પ્રસંગે પાનાં ઉખાડી જુદાં પાડવા માટે ઉતાવળ ન કરવી. ચોમાસાનાં આવાં ચોંટી ગએલ પુસ્તકને જ્યારે ખૂબ વરસાદ પડતો હોય ત્યારે મકાનમાં ખૂલ્લું મૂકવાથી જોઇતા પ્રમાણમાં ભીનાશ લગાડી શકાય છે અને રોટલો બની ગએલ પુસ્તકનાં એક એક પાન સહેલાઇથી છૂટાં ઉખેડી શકાય છે. આવું પુસ્તક ફરી ચોંટી ન જાય તે માટે તેના દરેક પાના ઉપર ગુલાલ છાંટવો.

**તાડપત્રનાં ચોંટી ગયેલ ગ્રંથ**:--તાડપત્રીય પુસ્તક ચોંટી ગયું હોય તો તેને એક પાણીથી નીતરતા કપડામાં લપેટવું અને જેમ જેમ ઉપર ઉપરનાં પાનાં હવાતાં જાય તેમ તેમ ઉખાડતા જવું. તાડપત્રીય પુસ્તકની શાહી પાકી હોવાથી તેની આસપાસ નીતરતું કપડું લપેટતાં તેના અક્ષર ભૂંસાવાનો કે ખરાબ થવાનો જરા પણ ભય રાખવો નહિ. પરન્તુ ઇરાદાપૂર્વક ભીનું કપડું અક્ષરો ઉપર ઘસવું નહિ. પાનાં ઉખાડતી વખતે પાનાની ઉપરની ત્વચા એક બીજા પાના સાથે ચોંટીને તૂટી ન જાય તેની ખાસ સાવધાનતા રાખવી જાઇએ.

**પુસ્તકો રાખવાના દાબડા**:--હસ્તલિખિત તાડપત્રીય પુસ્તકોને સારી રીતે વ્યવસ્થિત

For Private And Personal Use Only

ગોઠવી ઉપરની વધારાની લાંબી દોરીએ બાંધી દીધા પછી કપડાંમાં મજબુત બાંધીને લાંબાં હોવાને કારણે, કબાટના ખાનામાં એક બીજા ઉપર ગોઠવીને મૂકવામાં આવે છે. કેટલીક વખતે અમૂલ્ય ગ્રંથ માટે નાની લાંબી ખાસ પેટી લાકડાની અથવા પતરાની બનાવી તેમાં મૂકવામાં આવે છે; પરન્તુ કાગળનાં પુસ્તકો તો દાબડામાં રાખવામાં આવે છે. કોઈ કોઈ ઠેકાણે દાબડા તેમાં મૂકેલ પુસ્તકોનાં કદ કરતાં સવાયા લાંબા પહોળા હોય છે તેથી જેટલી વાર તેમાં મૂકેલા ગ્રંથોને મૂકવા કાઢવામાં આવે છે તેટલી વાર પાનાંના ખુણા અને ધારો જીર્ણતાના કારણે ભાંગીને ખરી પડે છે. એટલું જ નહિ પણ જે સારી સ્થિતિમાં હોય છે તે અકાળે નાશ પામે છે. માટે દાબડા પુસ્તકના માપનાજ બનાવવા જોઇએ.

## ભંડારનાં પુસ્તકોના રક્ષણ માટે યોજાએલી જ્ઞાનપંચમી

**જ્ઞાનપંચમી:**—કાર્તિક સુદિ ૫ ને જ્ઞાન પંચમી તરીકે ઓળખાવી દરેક શુક્લ પંચમી કરતાં તેનું માહાત્મ્ય વધારેમાં વધારે ગાવામાં આવ્યું છે. યુક્તિપૂર્વકનું કારણ હોય તો તે એ જ છે કે-વર્ષાઋતુમાં પેશી ગએલી ભીની હવા પુસ્તકોને બાધકર્તા ન થાય અને પુસ્તકો સદાય આવી સ્થિતિમાં જળવાઇ રહે તે માટે તેને તાપ ખવાડવો જોઇએ. તેમ જ અગાઉ જણાવ્યા પ્રમાણે ભંડાર ચોમાસાની ઋતુમાં વાસી રાખેલો હોવાથી તેની આસપાસ વખતે ધૂળ કચરો સાફ કરવો જોઇએ જેથી ઉધઇ આદિ લાગવાનો પ્રસંગ ન આવે. આ બધું કરવા માટે સૌથી સરસમાં સરસ અને વહેલામાં વહેલો અનુકૂળ સમય કાર્તિક માસ જ છે. કારણ કે આ સમયે શરદ ઋતુની પ્રાઢાવસ્થા હોઈ સૂર્યનો પ્રખર તાપ અને ભેજવાળી હવાનો તદ્દન અભાવ હોય છે. વિશાળ જ્ઞાનભંડારોની ફેરવણીનું આ કાર્ય સદાય અમુક એક જ વ્યક્તિને કરવું અગવડતાભર્યું થાય એમ જાણી કુશળ શ્વેતાંબર જૈનાચાર્યોએ કાર્તિક સુદિ પંચમી (જ્ઞાન પંચમી) ને દિવસે પ્રાપ્ત થતી અપૂર્વ જ્ઞાનભક્તિનું રહસ્ય, તેનાથી મળતા લાભો આદિ સમજાવી તે તિથિનું માહાત્મ્ય વધારી દીધું અને તેમ કરી લોકોને જ્ઞાનભક્તિ તરફ વાળ્યા. લોકો પણ તે દિવસને માટે ગૃહવ્યાપારનો ત્યાગ કરી યથાશક્ય આહારાદિકનો નિયમ પૌષધવ્રત આદિ સ્વીકારી ભન્ડારોની સાફસુફી તથા પુસ્તકોની ફેરવણી કરી જ્ઞાનરક્ષાના પુણ્યકાર્યમાં ભાગીદાર થવા લાગ્યા. જે ઉદ્દેશથી આ તિથિનાં માહાત્મ્ય ગાવામાં આવ્યાં તે તો અત્યારે વિસરાઇ જવામાં આવ્યાં છે. પુસ્તક ભંડારો તપાસવા, ત્યાંનો કચરો સાફ કરવો, પુસ્તકોને તડકો દેખાડવો, બગડી ગએલ પુસ્તકો સુધારવાં, તેમાં જીવડાં ન પડે તે માટે મૂકેલ ઘોડાવજના ભૂકાની નિર્માલ્ય પોટલીઓ બદલવી આદિ કશું જ ન કરતાં સાપ ગયાને લીસોટા રહ્યા એ કહેવત પ્રમાણે આજકાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસતિવાળાં નાનાં મોટાં ઘણાં ખરાં નગરોમાં થોડાં ઘણાં જે હાથ આવ્યા તે પુસ્તકોની આડંબરથી સ્થાપના કરી તેના પૂજા સત્કાર આદિથી જ કૃતકૃત્યતા માનવામાં આવે છે. આ તિથિના માહાત્મ્યના ખરા ઉદ્દેશ અને રહસ્યને અને તે દિવસના કર્તવ્યને વીસારવાને કારણે આપણા ઘણાય સ્થળના કિંમતી પુસ્તક સંગ્રહો ઉધઇ આદિના ભક્ષ્ય બન્યા છે.

**કેટલાક ભંડારોની હાલમાં કરવામાં આવતી સુવ્યવસ્થા**—હાલના જ્ઞાન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભંડારોને વિદ્વાન જૈનમુનિઓની ખંતથી ચોક્કસ તપાસ થઇ સુવ્યવસ્થિત કરવાનાં કામો ઉપાડી લેવામાં આવ્યાં છે. ભંડારમાંની દરેક હસ્તલિખિત પ્રતિનાં પાનાં ગણી એક બીજી પ્રતમાં પેસી ગએલાં પાનાં યથાસ્થાને સુવ્યવસ્થિત ગોઠવી જરૂર પ્રમાણે તેના માપનાં કાગળનાં કવરો કે લુગડાનાં બંધનોમાં વાટાળી તેના ઉપર ગ્રંથનું નામ, પૃષ્ઠસંખ્યા, નંબર આદિ લખવામાં આવે છે. દરેક પુસ્તક દીઠ બે પાટીઆં ઉપર નીચે મૂકી પાટીથી બાંધી દેવામાં આવે છે. આ પુસ્તકોને તેના માપના દાબડામાં જીવડાં ન પડે તે માટે ઘોડાવજના ભૂકાની પોટલીઓ સાથે મૂકવામાં આવે છે. આ દાબડાઓની અંદર તેમાં મૂકેલાં પુસ્તકોની યાદી મૂકવામાં આવે છે અને ઉપર દાબડાનો નંબર લખવામાં આવે છે. આવા દાબડા સુંદર મજબુત અને હવાનો સંચાર ન થાય તેવા કબાટોમાં રાખવામાં આવે છે.

ટીપ (કેટલૉગ):—આ પ્રમાણે ભંડાર પુસ્તકોની સુવ્યવસ્થા કરતાં કરતાં સાથે જ સઘળા ગ્રંથોની ટીપ પણ તૈયાર કરવામાં આવે છે. અને તેમાં ગ્રંથનું નામ, કર્તા, ભાષા, પાના સંખ્યા, શ્લોક સંખ્યા, ગ્રંથ રચાયા તેમ જ લખાયાની સાલ આદિ સર્વ માહિતી આપવામાં આવે છે. પુસ્તકનાં નામો અકારાદિ ક્રમમાં ગોઠવીને આખી ટીપ તૈયાર કરવામાં આવે છે. તે ઉપરાન્ત વિશેષ અને સુલભ માહિતી માટે ગ્રંથકર્તાના નામની અનુક્રમણિકા આપવામાં આવે છે તેથી તે ગ્રંથકર્તાઓના કેટલા ગ્રંથો તે ભંડારમાં છે તે જાણી શકાય છે. તેવી રીતે ભિન્ન ભિન્ન વિષયના ગ્રંથો જોવા ઇચ્છનારને વધારેમાં વધારે અનુકૂળતા મળે તે માટે વિષયવારી લીસ્ટ પણ તૈયાર કરવામાં આવે છે. હાલમાં પુસ્તકાલયોમાંનાં પુસ્તકો માટે શાસ્ત્રીય વર્ગીકરણની જે પદ્ધતિ નક્કી થઇ છે તે ધોરણે પણ ભંડારોનાં હસ્તલિખિત પુસ્તકોનું કેટલૉગ તૈયાર કરી શકાય.

## ભંડારોનો દર્શનીય વિભાગ.

ભિન્ન ભિન્ન દૃષ્ટિએ જોવા ઇચ્છનાર માટે ભંડારોમાં શું શું દર્શનીય છે તેનો નિર્ણય તેઓ પોતે કરે એજ ઠીક ગણાય. માત્ર જેઓ ટૂંક વખતમાં જ ભંડારનું સ્થૂલ દર્શન કરવા ઇચ્છતા હોય તેમને માટે માર્ગદર્શક થાય તેવો વિશિષ્ટ તેમ જ દર્શનીય વિભાગનો ખાસ ઉલ્લેખ કરવામાં આવે છે.

## દર્શનીય વિભાગ.

(૧) પ્રાચીનમાં પ્રાચીન તાડપત્રી ગ્રંથો. ગ્રંથની વ્યવસ્થા, તાડપત્રો, પાનાંની ગોઠવણ, પોથીની બાંધણી અને તેના રક્ષણ માટે લેવાતી કાળજી, એટલે કે બહારનું બાંધણુ પેટી વિગેરે.

(૨) સચિત્ર તાડપત્રીય પ્રતિ. સ્વર્ણાક્ષરી, રૌપ્યાક્ષરી.

(૩) કાગળની પ્રતિઓ. કાગળની જાત—કાશ્મીરી, અમદાવાદી.

(૪) ભિન્ન ભિન્ન રીતે લખાયલાં પુસ્તકો—પંચપાટ, ત્રિપાટ, સૂંઢ.

(૫) કાગળની સચિત્ર પ્રતિઓ—સ્વર્ણાક્ષરી, રૌપ્યાક્ષરી, જૈનાગમના ભાવને દેખાડતાં સુંદર ચિત્રો.

(૬) કપડા ઉપર લખાયલી પ્રતિઓ પાટણમાં. આગલી શેરીના સંઘના ભંડારમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૭) સાંધેલ પ્રતિઓ. લીંબડીના જ્ઞાન ભંડારમાં છે.

(૮) ગ્રંથો રાખવા માટેના સુંદર દાબડાઓ—મખમલના, કપડાંના, ચામડાના તેમ જ સુંદર ચિત્રો દોરેલા કાગળના.

(૯) ઘોડાવજની પોટલીઓ—ગ્રંથોમાં જીવાત ન પડે, ઉધઇ ન લાગે તે માટે મૂકવામાં આવતી વનસ્પતિ.

(૧૦) લહીઆઓની લેખન પદ્ધતિઓ તથા અક્ષરો.

## વિશિષ્ટ વિભાગ.

શુદ્ધ ગ્રંથો—જૈન છેદસૂત્રની ભાષ્ય—ચૂર્ણીની પ્રતો.

જૈનેતર ગ્રંથો—બ્રાહ્મણો અને બૌદ્ધોના સાહિત્યવિષયક અને તત્વજ્ઞાન સંબંધીના હસ્તલિખિત ગ્રંથો.

જુદી જુદી ભાષાના ગ્રંથો—સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં લખાયલા ગ્રંથો ઉપરાન્ત અપભ્રંશમાં લખાયલા ગ્રંથો. ગુજરાતી ભાષામાં લખાયલા ગ્રંથો, કલાનાં પુસ્તકો—જેવાં કે શિલ્પશાસ્ત્ર.

## જ્ઞાન ભંડારોનો ઉપયોગ.

ઓગણીસમી સદીની શરૂઆતના અંધકાર યુગમાં ભંડારોની કિંમત અને મહત્વ ખાસ કરીને વિદ્વાન યુરોપીઅનોને જ સમજાઇ છે અને તેમણે તે જોવાના પ્રયત્નો કર્યા છે, બાકી જેમની પાસે હતા તેમણે તો તેને બાંધી મૂકવામાં જ અને સંતાડી રાખવામાં જ સંતોષ માન્યો છે. જૈન ધર્મના મુનિઓ અને ગૃહસ્થો પણ તેનો છૂટથી ઉપયોગ કરી શકતા હશે કે કેમ તે સંશયની વાત છે. જો કરી શકતા હોત તો ભંડારોની જીર્ણ અને અસ્તવ્યસ્ત સ્થિતિ માલૂમ પડે છે તેવી થાત નહી. જૈનેતરોને તો તે જોવામાં આજથી પચીસ પચાસ વર્ષ ઉપર તો ઘણીજ મુશ્કેલી પડતી. હાલમાં પણ કેટલાંક શહેરોના પ્રસિદ્ધ ભંડારો તે જ શહેરના શહેરીઓની જાણમાં જ હોતા નથી તો જોવાની તો શી વાત? શોધખોળ અને વિજ્ઞાનના જમાનામાં જ્યારે વિદ્યાર્થીઓ માટે જ્ઞાનની પરબો છૂટથી માંડવામાં આવે છે ત્યારે આવા ભંડારો તેના સંશોધકો અને અભ્યાસીઓ સામે બંધ કરી છુપાવી રાખવામાં આવે તે કોઇ પણ રીતે બરાબર નથી. ભંડારની અંદરના જ્ઞાનસંગ્રહનો ઉપયોગ કરવાને ઇચ્છતા લોકો છૂટથી અને સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે દરેક જ્ઞાનભંડારની વ્યવસ્થિત ગોઠવણ થઇ આગળ જણાવ્યા પ્રમાણે ટીપો (કેટલોગ) છપાવીને પ્રસિદ્ધિમાં મૂકી દેવી જોઇએ; તે ઉપરાન્ત દરેકે દરેક જ્ઞાન ભંડાર કયા કયા સદ્દગૃહસ્થોની દેખરેખ નીચે છે તે હકીકત સાથે ભંડારમાંનાં પુસ્તકોનો ઉપયોગ કરવા ઇચ્છનાર કેવી રીતે પુસ્તક મેળવી શકે તે પણ જાહેર કરી દેવું જોઇએ; કેટલાક સુવ્યવસ્થિત ભંડારોમાં પુસ્તક લઇ જનારની અપ્રમાણિકતાનો કડવો અનુભવ થવાથી પુસ્તક લઇ જનાર પાસેથી રોકડ ડીપોઝીટ મૂકવાનો તથા અડધીજ પ્રત એકી વખતે આપવાનો ઠરાવ કર્યાનું જણાય છે. કેટલેક ઠેકાણે ભંડારના કબજેદારોએ પૈસાની લાલચે ભંડારમાંના અમૂલ્ય ગ્રંથો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરદેશીઓને વેચી નાંખ્યા છે. આવું કરવાની કોઇને પણ લાલચ ન રહે અને ભંડારના અમૂલ્ય ગ્રંથો કોઇ પણ રીતે ધમડાઇ ન જાય તે માટે ભંડારો સંઘની માલીકીના ઠરાવી તેની વ્યવસ્થા સંઘ તરફે વિદ્વાન ગૃહસ્થોના હાથમાં હોવી જોઇએ.

ગૌરવઃ—કોઇ પણ રાજ્યમાં આવી પુરાતન દર્શનીય વસ્તુઓનું હોવું તેના ગૌરવ અને ખ્યાતિમાં અનેરો ઉમેરો કરે છે. વંદ્ય ભૂતકાળના હસ્તલિખિત પુરાવાનો મોટો સમૂહ હિન્દુસ્થાન ભરમાં ઘણાં થોડાં સ્થળોએ છે. યુરોપમાં જો આ ભંડારો હોત તો તેની વ્યવસ્થા ઘણા જ અભિમાનથી ત્યાંની વિશ્વવિદ્યાલયોએ ઉપાડી લીધી હોત. ખેર. હાલમાં જ્યાં જ્યાં આવા જ્ઞાનભંડારો છે તે તે સ્થળનાં રાજ્યોએ આવા અમોલા અને પુરાણા સંગ્રહોને ઉદાર આશ્રય આપી સંશોધી છપાવી વિસ્મૃતિના ઉંડા ધરામાં ધબડતા બચાવવા ખાસ પ્રયત્નો કરવા જોઇએ. વિદ્વાનો અને સંશોધકોની દૃષ્ટિએ આ જ્ઞાન-ભંડારનાં સ્થળો તો તેમનાં જાત્રીનાં સ્થળો છે. જ્યારે જ્યારે પ્રસંગ મળે છે ત્યારે ત્યારે દૂર દૂરના દેશાવરોમાંથી ભૂતકાળના આવા લેખી પુરાવાના સંગ્રહનાં દર્શન કરવા, તેમાંથી કંઇક અનેરૂં જ્ઞાન મેળવવા વિદ્વાનો ચૂકતા જ નથી. આ ભંડારો આપણાં હોવા છતાં વિદેશીઓએ જ તેની મહત્તા આપણને સમજાવી છે.

**વિનંતિઃ**—હજી પણ કેટલાક ભંડારોની સુવ્યવસ્થા થવી બાકી હશે. અને જ્યાં થઇ છે ત્યાં કેટલાક તાડપત્રો અને કાગળોના પત્રો કચરા તરીકે નાંખી દેવાને ખૂણામાં રાખી મૂકવામાં આવ્યા હશે. આવા કચરા રૂપ મનાતા પાનાંઓના ઢગલામાંથી વિદ્વાન મુનિવર્ગે કેટલાક મહત્વના ગ્રંથો શોધી કાઢયા છે માટે જેઓ આ વાત વાંચે અને જેઓની નજરે કદિય પણ અવ્યવસ્થિત પ્રાચીન હસ્તલિખિત પાનાંઓનો સંગ્રહ જોવામાં આવે તેઓએ તેને કોઇ પણ વિદ્વાન મુનિ અગર ગૃહસ્થ પાસે લઇ જવો અને તેમ કરી નષ્ટ થતા કિંમતી ગ્રંથોને જીવન્ત રાખવાના પુણ્યના ભાગી બનવું.

મગનભાઇ ભ. આમીન

---

આ લેખ વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરીના માજી સંસ્કૃત લાયબ્રેરીયન સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમણે કરેલા રિપોર્ટ તથા જૈન મુનિ પૂન્યવિજયજીએ લખેલા "આપણી નષ્ટ થતી લેખનકળા" ના લેખ તથા લીંબડી જૈન ભંડારના સૂચીપત્રમાં લખેલી પ્રસ્તાવના પરથી તૈયાર કરવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમાન ભાવ.

સમાન ભાવ એ જીવનનું મહાન્ રહસ્ય છે. તે દુઃખને દૂર કરે છે અને સુખને દૃઢ કરે છે. તે વિરોધને ટાળે છે અને વિરૂદ્ધતાને ખાળે છે–કઠિનમાં કઠિન હૃદયને પિગાળે છે, અને ધર્મના સુંદર અંશને પોષે છે. આર્ય–ધમના મોટા સિદ્ધાન્તનું મૂળ સમાનભાવ છે.

"એક બીજાને સમાન ગણો, તમારો આત્મા ગમે તે આત્માની સરખો છે એવો ભાવ રાખીને દુનિયામાં પ્રવર્તો, પછી તમારૂં જીવન ખરેખર વિજળીની જેવું ઉન્નત થશે.

એક વિદ્વાને કોઇ મહાત્માને પૂછયું કે આપણો ઉદય શામાં છે?

મહાત્માએ ઉત્તર આપ્યો કે 'સમાન ભાવમાં'. સમાન ભાવથી મનુષ્ય આખી દુનિયામાં દરેકના હૃદય ઉપર જબરી શ્રદ્ધા કરાવી શકે છે.' તેથી તમે સમાન ભાવથી હૃદયને ભરી દ્યો. શુદ્ધ પ્રેમ વગર સમાન ભાવ આવી શકે નહીં અને તે સર્વસ્વ છે. ઇતિશમ્.

### (૨) ગુરૂગમ લેવાની અને તેની સેવાની આવશ્યક્તા.

ગમે એવી મોટી, વિશાળ અને ઉજ્વળ આંખોવાળો પણ દીવા વગર અંધારામાં કશું જોઇ શકતો નથી. તેમ ગુણ નિધિ એવા ગુરૂજનોનો યોગ થયા વગર ગમે એવા વિચક્ષણ હોય તો પણ ધર્મના ખરા રહસ્યને પામી શકતો નથી. જો કે બુદ્ધિબળથી પ્રયત્ન કરતાં માણસ બહુયે મેળવી શકે છે ખરો, પણ ગુરૂગમની ખામીથી તેની સાર્થકતા થઇ શકતી નથી. યાવત્ કરેલી મહેનત લગભગ નકામી જાય છે, પરન્તુ ગુરૂગમથી સહજમાં ઇષ્ટ ફળની સિદ્ધિ થવા પામે છે. **નાગાર્જુન** જેવા સમર્થ વિદ્વાનનું દૃષ્ટાન્ત વિચારવું ઉપયોગી જાણી તે તે સંક્ષેપમાં પણ સમજાવાનું કે **શ્રી પાદલિપ્તસૂરિ** મહારાજ અમુક **પાદલેપ** જેવી વિદ્યા–શક્તિના બળે આકાશ માર્ગે ઉડી શકતા હતા. તે જોઇ–જાણી **નાગાર્જુન**ને પણ તેવી શક્તિ સંપાદન કરવા ઇચ્છા થઇ. તેથી તેવી મતલબને સાધવા શ્રી પાદલિપ્તસૂરિ પાસે જઇ સેવાના મિષે તેમાંના ચરણે કરેલા લેપને સુંઘી તેમાં રહેલી ઔષધિઓ સમજી લઇ તેનો પ્રયોગ કરવા માંડયો. પરન્તુ તેમાં તેવી સફળતા મેળવી ન શકયો. છેવટે ખુલ્લા હૃદયથી ગુરૂની સેવા સ્વીકારી, ગુરૂને પ્રસન્ન કરી, પોતાની ઇચ્છા જણાવી. પોતાનામાં ગુરૂગમની જે ખામી રહેતી હતી તે દૂર કરી એટલે સહજમાં ઇચ્છિત ફળની પ્રાપ્તિ થઇ શકી. આ ટુંક હકીકત ઉપરથી વિચક્ષણ જનો સમજી શકશે કે સાચા હૃદયથી જ્ઞાની–નિસ્પૃહી ગુરૂને આત્માર્પણ કરતાં તત્ત્વ જિજ્ઞાસુજનોને ભારે લાભ થવા પામે છે. જે કામ ગમે તેટલા બુદ્ધિબળથી થઇ ન શકે તેવું વિકટ કામ પણ ખરો ગુરૂગમ મળતાં વિવેકકળાના યોગે સહજમાં સાધી શકાય છે. **ઇતિશમ્.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (૩) ધર્મ-અર્થ-કામ અને મોક્ષ ( પુરૂષાર્થ ).

પ્રથમના ત્રણ વર્ગમાં **ધર્મની** મુખ્યતા-પ્રધાનતા લેખાય છે, કારણ કે તેના વગર અર્થ-કામની સિદ્ધિ થઇ શકતી નથી. તેથી જ સુખના અર્થી જનોને ઉક્ત ત્રણ વર્ગ પરસ્પર વિરોધ વગર સેવવા યોગ્ય છે. એટલે કે ધર્મને સાચવી ( ધર્મને બાધ-વિરોધ ન આવે તેમ ) અર્થ સાધવો. અને ધર્મ-અર્થને બાધ ન આવે તેમ કામ-વિષયને સાધવો યોગ્ય છે. દાન-શીલ-તપને ભાવના એ ધર્મના ચાર પ્રકાર હોઇ તેનું જે ભવ્યજનો પ્રેમપૂર્વક સેવન કરતા રહે છે, તેમને અર્થ-કામની સિદ્ધિ સહજમાં થવા પામે છે. અને જે મુગ્ધ જનો તેનો અનાદર કર્યા કરે છે તેમને ધર્મની હાનિ થવાથી અર્થ-કામની હાનિ થવા પામે છે. ધર્મની રક્ષાને વૃદ્ધિથી અર્થાદિકની રક્ષાને વૃદ્ધિ થવા પામે છે, તેથી સુજ્ઞ જનો સર્વત્ર વિવેકથી વર્તન કરે છે. અને ઉત્તરોત્તર અધિકાધિક સુખની પ્રાપ્તિ સહેજે કરી શકે છે. બાકી જેમને ખરા જ્ઞાન-વૈરાગ્યવડે દેહમમતા-વિષયવાસના જતી રહે છે, અને નિસ્પૃહ ભાવે જે મહાનુભાવો ચારિત્ર અંગીકાર કરીને તપ સંયમનુંજ અહોનિશ સેવન કરતા રહે છે તેમને જન્મ જરા અને મરણરૂપ સંસાર ભ્રમણનો સર્વથા અંતરૂપ **મોક્ષ** થવા પામે છે. **ઇતિશમ્.**

## (૪) સમયનો ઉપયોગ—

સારો અને નરસો એ બેય પ્રકારે થઈ શકે છે. સારાં ઉપયોગી કામમાં તેનો ઉપયોગ કરાય તે તેનો સદુપયોગ અને નરસા કામમાં અથવા હિતકાર્યની ઉપેક્ષા કરી કેવળ સ્વેચ્છા મુજબ મોજશોખમાં જ કે સંમૂર્છિમની પેરે શૂન્યભાવે વર્તવામાં કરાય તે સમયનો દુરૂપયોગ કર્યો લેખાય.

તેવાનું જીવન સ્વાર્થભર્યું અથવા શુષ્ક કે શૂન્ય જેવું વ્યતીત થવાથી નિરૂપયોગી લેખાય. વખતે તેવા જીવોને છેવટે પસ્તાવાનો પ્રસંગ મળે પણ તેથી સુધારાનો સંભવ બહુ ઓછો ગણાય. સમયની કિંમત અને પ્રાપ્ત થયેલી શુભ ધર્મ સામગ્રીની દુર્લભતા જેને સારી રીતે સમજાઇ શકે તે ભાગ્યવંત જનો તો સમયનો દુરૂપયોગ નજ કરે, બને તેટલો તેનો સદુપયોગ સ્વપર હિતાર્થે અવશ્ય કરે. ભગવાન મહાવીર પ્રભુએ શ્રી ગૌતમસ્વામીજીને ઉદ્દેશી ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનમાં પ્રમાદશીલ મંદ સત્વોને કલ્યાણના માર્ગે દોરવા જેમ બને તેમ પુરૂષાતન ફોરવી પ્રમાદ પરિહરવા બહુ સુંદર બોધ આપ્યો છે. તે ભવ્યાત્માઓએ ખાસ કરીને હૃદયમાં અવધારી રાખવા યોગ્ય છે. અનેક અસરકારક દ્રષ્ટાન્તો બતાવી એક ક્ષણમાત્ર પણ પ્રમાદ નહીં કરતાં સમયનો સદુપયોગ કરી લેવા તેમાં ઉત્તમ પ્રકારે સમજ આપવામાં આવી છે.

**સદ્ગુણાનુરાગી મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**શ્રી નવપદ આરાધક સમાજ**—આ વખતે સુરત શહેરમાં ઉક્ત સમાજ તરફથી વિધિ-વિધાન પૂર્વક શ્રી નવપદજી મહારાજની જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ પૂર્વક ચાલતામાસની ચૈત્ર શુદ ૭ થી આરાધના થવાની છે. દર વર્ષે આ સમાજ તરફથી જુદા જુદા શહેરોમાં ભક્તિ કરવામાં આવે છે, અનેક જૈન બંધુઓ અને બ્હેનો લાભ લે છે. તે વખતે આરાધન કરનાર બંધુઓની ભક્તિ સારી રીતે કરવામાં આવે છે. લાભ લેવા જેવું અને અનુમોદન કરવા જેવું છે. અમો તેમના આ કાર્યની પ્રશંસા અને અનુમોદના કરીએ છીએ. ભવિષ્યમાં વિશેષ પ્રગતિ ઇચ્છીએ છીએ. સુરત શહેરમાં તે સાથે શ્રી દેશ વિરતિ ધર્મારાધક સમાજનું ચોથું સંમેલન રાજા બહાદુર શ્રીમાન્ વિજયસિંહજી દુધેડીયા સાહેબના પ્રમુખપણા નીચે પણ મળવાનું છે.

---

**દેશ ભરમાં ચાલી રહેલ ચળવળ**—આજે દેશમાં સ્થળે સ્થળે અહિંસાત્મક સત્યાગ્રહ સંગ્રામ શરૂ થયો છે. મહાપુરૂષ ગાંધીજીએ તેની સરદારી લીધી છે અને તેમની સુચના અનુસાર કાઠીયાવાડ–પંજાબ–બંગાળ મુંબઇ સર્વ સ્થળે આત્મભોગો અપાઇ રહ્યા છે. નિસસ્ત્ર પ્રજા દેશહિત માટે અને યોગ્ય સ્વતંત્રતા મેળવવા માટે આ રીતેજ અહિંસાત્મક સત્યાગ્રહ કરી શકે અને તે યોગ્યજ સિદ્ધાંત છે. આવી રીતે અહિંસામય સમુહ સત્યાગ્રહથી દેશના અદશ્ય દેવો સહાય કરેજ. આખા દેશની ચલવલ–સત્યાગ્રહ અને અહિંસાવાદથી પરિણામે જરૂર બ્રીટીશસરકારને હિંદને સ્વતંત્રતા આપવી પડશે. ઉદ્યોગ હુન્નર અને આર્થિક સ્થિતિમાં પછાત હિંદની પ્રજાના ઉપર ખાધ ખોરાકીની ચીજો મીઠું અને ખાંડ જેવી વસ્તુઓ ઉપર જકાત નાંખી, અયોગ્ય બોજો વધારવા જતાં આ દેશની પ્રજાના અંતર ખળભળી ઉઠવાથી અસહ્ય થતાં દેશમાં આજે અહિંસાત્મક સત્યાગ્રહ શરૂ થયો છે. દેશદાઝ ધરાવનાર અનેક મુખ્ય માણસો અત્યારે પરમાર્થે જેલ નિવાસ કરી રહ્યા છે. અનેક જાતના ભોગો આપી રહ્યા છે. હિંદની પ્રજાના કોઇપણ મનુષ્યે અહિંસાત્મક રીતે આ ચળવળને અમુક નિર્ણય ન આવે ત્યાં સુધી વળગી રહ્યાની જરૂર છે. અને દરેક મનુષ્યે યોગ્ય રીતે યથાશક્તિ સહાનુભૂતિ આપવાની જરૂર છે. છેવટે પોતાથી બને તેટલો તેવો ફાળો કોઇપણ પ્રકારે આપવાનું પોતાનું કર્તવ્ય ચુકવાનું નથી. પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે કે બ્રીટીશ સરકાર પોતાનું કર્તવ્ય આ દેશને સ્વતંત્ર આપી બજાવે અને પ્રજાને શાંત કરે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી પવિત્ર તીર્થ શ્રી શત્રુંજય તીર્થે શ્રી સંઘ પ્રયાણ**—ગયા ચાતુર્માસમાં મહુવામાં બિરાજમાન થયેલાં આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સપરિવાર ચતુર્વિધ સંઘ મહુવા નિવાસી શાહ કસળચંદ કમળશીના તરફથી શ્રી શત્રુંજય તીર્થે યાત્રા માટે ચૈત્ર વદી ૫ ના રોજ મહુવાથી છરી પાળતા નીકળવાનો છે. શ્રી સિદ્ધાચળજી પહોંચતા લગભગ આઠ દિવસ થશે. વદી ૧૩ ના રોજ પહોંચવા સંભવ છે. ભાઇ કશળચંદ કેળવણી આરોગ્યતા દવાખાના વગેરે ધાર્મિક ખાતામાં પોતાની લક્ષ્મીનો વ્યય ક્રમે ક્રમે સારો કરે છે.

# સ્વીકાર–સમાલોચના.

**શ્રીપાલ** લેખક કનૈયાલાલ જૈન. પ્રકાશક મંત્રી **શ્રી આત્માનંદ જૈન સભા. અંબાલા.** પંજાબ શ્રી નવપદજી મહારાજની આરાધનનું મહાત્મ્ય જણાવનાર અને તેના સુફળ સુચન કરતું આ શ્રીપાળ ચરિત્ર હિંદિભાષામાં ગદ્યરૂપે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. શ્રીપાળ ચરિત્ર સંસ્કૃત તેમજ શ્રીપાળ રાસ ગુજરાતી ગદ્ય પદ્યાત્મક ગ્રંથો આ ચરિત્ર માટે ઘણા પ્રકટ થયેલ છે, પરંતુ સરલ અને સાદી હિંદીભાષામાં આ ચરિત્ર લેખક મહાશયે લખી ઉક્ત જૈન સંસ્થાએ પ્રકટ કરી હિંદિ સાહિત્યમાં વૃદ્ધિ કરવા સાથે તે ભાષાના જાણકાર માટે ઉપયોગી ગ્રંથ પ્રકટ કરેલી છે. કિંમત રૂા. ૧–૪–૦ કિંમત કંઇ વિશેષ છે. ગ્રંથ પઠન પાઠન કરવા જેવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું ચરિત્ર.

પ્રભુજીના પ્રથમ ગણધર દત્તના પૂર્વભવનું અલૌકિક વૃત્તાંત, શ્રી ચંદ્રપ્રભસ્વામીના ત્રણ ભવોનું સુંદર અને મનોહર ચરિત્ર, સાથે દેવોએ કરેલ પ્રભુના જન્મમહોત્સવ વગેરે પંચકલ્યાણકોનું અને તે વખતની અપૂર્વ ભક્તિનું રસિક, ચિત્તાકર્ષક અને વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુજીએ દાન, શીયલ, તપ, ભાવ, બારવ્રત અને તત્ત્વો ઉપર અપૂર્વ દેશના સાથે આપેલ અનેક કથાઓ, વિવિધ ઉપદેશથી ભરપૂર એકંદર ત્રીશ બોધપ્રદ કથાઓથી ભરપૂર આ ચરિત્રની રચના છે, કે જે પ્રતિભાશાળી હોઇ વાંચકના આત્માને શાંતરસ ઉત્પન્ન કરાવી, પુણ્યપ્રભાવી બનાવી, મોક્ષમાર્ગ સન્મુખ લઇ જનાર છે. એકંદર રીતે આ ઉચ્ચ શૈલીનું પરમાત્માનું ચરિત્ર પઠન પાઠન કરવા જેવુ હોઇ દરેક જિજ્ઞાસુઓ પાસે હોવું જોઇએ. ક્રાઉન સોળ પેજી ચારશેંહ પાનાનો ઉંચા એન્ટ્રીક પેપર ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાઇ, સુંદર બાઇડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. કિંમત રૂા. ૧-૧૨-૦ ]

## શ્રીવિમલનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી વિમળનાથ મહારાજના પૂર્વભવો સહિતનું સંપૂર્ણ ચરિત્ર, સાથે ધર્મનો પ્રભાવ, ભેદો, શ્રાવકના વ્રતોના અધિકાર અને જૈનધર્મના શિક્ષણનો સુંદર ઉપદેશ વિવિધ પાંત્રીશ કથાઓ સહિત આપેલ છે. ગ્રંથની રચના અલૌકિક હોઇ વાચકના આત્માને શાંત રસ પ્રગટાવી, મોક્ષ સન્મુખ લઈ જાય છે. એકંદર રીતે આ ગ્રંથ દરેક મનુષ્યને પઠન-પાઠન કરવા જેવો હોઇ પોતાના નિવાસસ્થાનમાં, ભંડારમાં, પુસ્તકાલયમાં હોવો જોઇએ. સાડા ત્રણશેંહ પાનાનો ગ્રંથ સારા કાગળો ઉપર સુંદર ગુજરાતી ભાષામાં છપાવી કપડાના બાઇડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ જુદું.

# જૈન નરરત્ન ભામાશાહનું ચરિત્ર.

દેશમાં, દેશ સેવાનો પવન જોશભેર ફુંકાતો હોવાથી; પ્રસંગાનુસાર તેવી ભાવનામાં વધારે બળ મળે એ આશયથી ઇતિહાસપ્રસિદ્ધ **જૈન કુલભૂષણ ભામાશાહનું ચરિત્ર** સચિત્ર ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરાવી છપાવેલ છે. આ ગ્રંથમાં નરરત્ન ભામાશાહનો જ્વલંત દેશ તથા સમાજપ્રેમ-સેવા અને **શ્રીમાન્ હીરવિજયસૂરીશ્વરજીની** અહોનિશ ધગધગતી જ્વલંત શાસનદાઝ એ બંને આદર્શો સાથોસાથ ઉભા રહી રાષ્ટ્ર અને ધર્મપ્રેમના પ્રકાશો પાડી રહ્યા છે જે વાંચતાં તે મહાપુરૂષની પ્રભા આપણા જીવનમાં વણી લેવાને સ્હેજે લલચાઇયે છીયે.

ત્રણશેં પાનાનો સચિત્ર ગ્રંથ જેની કિં. બે રૂપીયા પોષ્ટેજ જુદું.
છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરેલ છે. ઉંચા ત્રકાગળ પર સુંદર ટાઇપમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આહાર શુદ્ધિ અને રસ ત્યાગ

" અહિંસા તથા સંયમની દૃષ્ટિએ આહાર શુદ્ધિનો વિચાર જૈન લોકોએ કર્યો છે એટલો કદાચિત બીજા કોઇએ નથી કર્યો. એટલે સાધુ જીવનને અંગે જીભનું વશીકરણ કેટલું મહત્વનું છે એ વિષયે જૈનશાસ્ત્ર શું સાક્ષી પુરે છે, એનું સહજ દિગ્દર્શન કરવાની આ સ્થળે ધારણા છે. ઉત્તરાધ્યયન સૂત્રના સોળમા અધ્યયનમાં બ્રહ્મચર્યના દશ સમાધિસ્થાન અર્થાત્ સાધન ગણાવ્યાં છે, ત્યાં કહે છે કે સાધુએ પ્રણીત અર્થાત્ જેમાં ઘી વગેરે રસ હાલી મળ્યાં હોય એવું અને તત્કાળ વાસનાને ઉત્તેજનારૂં ખાનપાન હમેશાં વર્જવું. સાધુએ સ્વસ્થ ચિત્તે યોગ્ય સમયે પ્રમાણમાં અને કેવળ સંયમના નિર્વાહને અર્થે ધર્મ માર્ગે મળેલ અન્ન ખાવું. પ્રમાણથી વધારે પડતું ન ખાવું. સૂત્રકૃતાંગસૂત્રના પ્રથમ સ્કંધના સાતમા અધ્યાયમાં કહે છે કે સંયમભારની યાત્રા એટલે નિર્વાહ તેને અર્થે સાધુએ આહાર લેવો. જીનમંડન કૃત શ્રાદ્ધગુણ વિવરણમાં આવે છે કે પ્રાણ ટકાવવાને અર્થે ખાવું.

" ઉત્તરાધ્યયનના સત્તરમા અધ્યયનમાં પાપશ્રમણ અર્થાત્ દુષ્ટ સાધુનું વર્ણન આવે છે. ત્યાં કહે છે કે દૂધ, દહી, ઘી વગેરે વારંવાર ખાય, ત્રીસમા અધ્યયનમાં છ પ્રકારનાં બાહ્ય એટલે શારીરિક તપ ગણાવ્યા છે, તેમાં ચોથું રસપરિત્યાગ આવે છે. રસત્યાગ એટલે દૂધ, દહિં, ઘી, ગોળ, પકવાન્ન વગેરે વર્જવા તે. જૈન શાસ્ત્રોમાં માંસ, મદ્ય, માખણ, અને મધ, આ ચાર વસ્તુને મહા વિકૃતિ કહેલ છે ને સર્વથા ત્યાજ્ય ગણેલ છે. એમાં અહિંસાદષ્ટિ પ્રધાન છે. આ ઉપરાંત દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને ઘી તેલમાં તળેલ પદાર્થોને પણ વિકૃતિ ગણીને એકંદર દશ વિકૃતિઓ માનેલ છે અને વિકૃતિમાત્રનો ત્યાગ સૂચવ્યો છે. મિષ્ટાન્નનો ત્યાગ જાણે ઠીક, પણ દૂધાદિકના ત્યાગની વાત સાંભળતાં આજ આપણને કંપ છુટશે, પણ ધર્મ તો અસિધારા કરતાં ય વસમો છે.

' હરિનો મારગ છે શૂરનો. નહિ કાયરનું કામ જો ને. ' વર્ધમાન સ્વામીને મહાવીર કહ્યા તે યોગ્ય હતું. માણસને મારવા કરતાં મનને મારવામાં વિશેષ વીરત્વ જોઇયે છે અને દિગ્વિજયી જિતેન્દ્ર કરતાં જિતેન્દ્રિયની પદવી ક્યાંય ઉચી છે. "

**શ્રી વાલજી દેશાઇ.**

For Private And Personal Use Only